શ્રીવસુદેવ તથા દેવકીજી ના પુણ્યોનાં પુંજરાશિના ફલરૂપ ભગવાન્ વાસુદેવને નમન. ભગવાન્ જો કે સર્વ અલૌકિક ધર્મ સહિત જ પ્રકટ થયા છે તો પણ તે-તે મનોરથો પૂર્ણ કરવા, એમ ધારી નિરન્તર અલૌકિક ધર્મનું પ્રત્યક્ષ પ્રાકટ્ય કરે તો ભક્તોને તેવા માહાત્મ્યરૂપ જ્ઞાનથી મુક્તિ જ થાય, ભક્તિમાર્ગની રીતિ પ્રમાણે સ્વરૂપાનુભવ થાય નહિ. માટે ભગવાને ભક્તજનોમાં માહાત્મ્યજ્ઞાન હોવા છતાં તેમનામાં લૌકિક ભાવ જ દૃઢ કરેલો છે. તેથી તેવા પ્રકારનું નામ દર્શાવે છે :

દેવકી-મનઃ-પ્રમોદ-જનકાયનમઃ।।૧૩।।

શ્રીદેવકીજીનાં મનને પ્રમોદ કરનાર પ્રભુને પ્રણામ. સાક્ષાત્ ભગવાન્ પ્રકટ થાય તો તત્વબુદ્ધિ કેમ ન થાય? એ શંકાનું નિરૂપણ કરતાં કહે છે :

બ્રહ્માદિ-ભક્ત-વાક્ય-પરિપાલકાયનમઃ।।૧૪।।

બ્રહ્માદિક ભક્તોની વાણીનું પાલન કરનાર કૃષ્ણને નમસ્કાર. મથુરામાંથી નીકળતી વખતે માયાનું કાર્ય વૃષ્ટિ, મેઘગર્જના વગેરે થયું તે જોઈને વસુદેવજી ખિન્ન થતાં તેમના ખેદને દૂર કરવા ''શેષોઽન્વગાત્'' એ શ્લોકમાં સૂચવેલા નામને જણાવે છે.

શેષાદિ-ભક્ત-સેવિત-ચરણાયનમઃ।।૧૫।।

શેષાદિક ભક્તોવડે સેવન કરાય છે ચરણો જેમનાં એવા બાલમુકુન્દને વન્દન. શ્રીયમુનાના તટની નિકટ પ્રભુ સહિત વસુદેવજી આવ્યા. તેમના નિરોધને સૂચન કરનાર નામ જણાવે છે :

કાલિન્દી-વેગ-હર્ત્રેનમઃ।।૧૬।।

કાલિન્દીના વેગને હરણ કરનાર બાલકૃષ્ણને પ્રણામ. ત્યાર પછી માર્ગની પેઠે નદી ઉતારીને ગોકુલમાં ગયા તેના સૂચક નામનું કથન કરે છેઃ

યોગ-માયાધિપતયેનમઃ।।૧૭।।

યોગમાયાના અધિપતિને નમસ્કાર. યશોદાજીના શયનમાં સ્થાપન કર્યા પછી ગોકુલપતિપણાએ પ્રકટ થયા તે નામનો નિર્દેશ કરે છે :

ગોકુલપતયેનમઃ।।૧૮।।

ગોકુલના પતિને નમન. પતિત્વ ધર્મ પ્રકટ કર્યો તે નામ જણાવે છેઃ

ગોપીજન-વલ્લભાયનમઃ।।૧૯।।

ગોપીજનોને અત્યન્ત પ્રિય પ્રભુને પ્રણામ. થયેલા આનન્દથી પોતે ઉત્સવરૂપ થયા તે નામ સૂચવે છે :

ગોકુલોત્સવાયનમઃ।।૨૦।।

ગોકુલના ઉત્સવરૂપ શ્રીગોકુલેશ્વરને નમન. દાન મહોત્સવ સૂચક નામ કહે છે :

અખિલાશા-પૂરકાયનમઃ।।૨૧।।

સર્વની આશાઓને પૂરણ કરનાર નન્દનન્દનને વન્દન. યશોદાજીની પણ આશાને પૂર્ણ કરી તેમ કહે છે :

યશોદા-સ્તનન્ધયાયનમઃ।।૨૨।।

યશોદાજીનું ધાવણ ધાવનારા બાલકૃષ્ણને નમન. એ જ પ્રમાણે નન્દરાયની પણ આશા પૂર્ણ કરી તે આશયના નામનો નિર્દેષ કરે છે :

નન્દ-મનો-મોદકાયનમઃ।।૨૩।।

નન્દરાયજીના મનને આનન્દ કરનાર નન્દનન્દનને વન્દન. ભગવાનનું પ્રાકટ્ય ભક્તોને ભજનાનન્દનું દાન કરવા માટે તેમજ ભક્તોના મનનો પોતાનામાં નિરોધ કરવામાટે થયું છે. ભક્તોની અવિદ્યાને દૂર કરવા સિવાય આ કાર્ય થઈ ન શકે. તેથી તે આશયનું નામ કહે છે :

પૂતનાન્તકાયનમઃ।।૨૪।।

અવિદ્યારૂપ પૂતનાનો નાશ કરનાર પ્રભુને પ્રણામ. મુગ્ધભાવમાં મારવાના પ્રકારનું જ્ઞાન અને તેને મુક્તિનું દાન કેમ સમ્ભવે? એ શંકાના નિવારણરૂપ નામ કહે છે :

સુકૃતજ્ઞાયનમઃ।।૨૫।।

સુન્દર કર્તવ્યને જાણનાર ગોકુલેશને નમન. કાર્યસૂચક નામ જણાવે છેઃ

પૂતનામોક્ષદાત્રેનમઃ।।૨૬।।

પૂતનાને મોક્ષનું દાન કરનાર બાલકૃષ્ણને નમસ્કાર. અવિદ્યા દૂર કરીને ભક્તોનો નિરોધ કર્યો તેનું સૂચન કરનાર નામ કહે છે :

ભક્ત-મનો-રોધકાયનમઃ।।૨૭।।

ભક્તજનના મનને નિરોધ કરનાર પ્રભુને પ્રણામ. પૂતનાને માર્યા પછી તેના સ્વરૂપને જોઈ તથા શબ્દને સાંભળી ને બધાં ભયભીત થઈ ગયા. પરન્તુ ભગવાન્ તો તેના હૃદય ઉપર નિર્ભય બનીને ક્રીડા કરતા હતા. આ જોઈને વ્રજવાસીઓને જણાયું કે આ નિર્ભય બાલક તો આપણા કરતાં શ્રેષ્ઠ છે. આ આશયને સ્પષ્ટ કરતું નામ કહે છે :

ગોકુલાભયદાન-ચરિત્રાયનમઃ।।૨૮।।

ગોકુલને અભયનું દાન આપનારું જેમનું ચરિત્ર છે એવા શ્રીકૃષ્ણને નમસ્કાર. ભગવાન્ નિરોધનું દાન કરવાને પધારેલા છે. જો પ્રપંચમાં આસક્તિ થાય તો નિરોધ સિદ્ધ થાય નહિ. માટે પ્રભુએ વ્રજભક્તોને પ્રપંચની વિસ્મૃતિ કરાવી છે તેનું સૂચન કરતું નામ જણાવે છે :

ભક્ત-પ્રપંચ-વિસ્મારકાયનમઃ।।૨૯।।

ભક્તના પ્રપંચનું વિસ્મરણ કરાવનારને વન્દન. પૂતનાનો ઉદ્ધાર થયા પછી શ્રીયશોદાજીએ પ્રભુને પોઢાવ્યા. ત્યાર પછી ઉત્સવમાં આવેલા લોકોનું સન્માન કરવામાં યશોદાજી વગેરે પ્રભુને ભૂલી જઈ લૌકિકમાં આસક્ત થયાં. ઘરના અન્ય લોકો પણ અભ્યાગત બ્રાહ્મણોનું સ્વાગત કરવામાં રોકાઈ ગયા. બ્રાહ્મણો પણ દાનની વસ્તુને ગ્રહણ કરવામાં આસક્ત થયા. તેમને પણ ભગવાનનો વિચાર ન થયો. આમ બધા બહિર્મુખતા થઈ ગઈ. ‘‘સંજાત નિદ્રાક્ષમ્’’ એ શ્લોકમાં એ જ જણાવ્યું છે. આ પ્રમાણે ભગવાનની જ્ઞાનશક્તિનું તિરોધાન થતાં પરમાર્થ દૃષ્ટિ તિરોભૂત થઈ ગઈ. એમ થવાથી બહિર્મુખતા આવી જાય એ સહજ જ છે. પ્રભુ જ્યારે સાક્ષાત્ સ્વયં વિરાજમાન છે છતાં તેમનો ત્યાગ કરીને ભક્તો અન્યત્ર આસક્ત બને એ તો અત્યન્ત જ અયુક્ત ગણાય માટે તે આસક્તિને પણ પ્રભુએ દૂર કરી તેવું નામ દર્શાવે છે :

શકટ-ભેદન-બાલ-ચરિત્રાયનમઃ।।૩૦।।

શકટને ભાંગવારૂપ બાલચરિત્ર જેમનું છે એવા બાલકૃષ્ણને નમન. હવે માનસ નિરોધ સિદ્ધ કર્યો તે જણાવે છે :

તૃણાવર્ત-વિમર્દકાયનમઃ।।૩૧।।

તૃણાવર્ત નામક દૈત્યનું મર્દન કરનાર શ્રીકૃષ્ણને પ્રણામ. જ્યાં સુધી ભગવાન્માં અસમ્ભાવના દૂર થાય નહિ ત્યાં સુધી તેમાં દઢાસક્તિ પણ થાય નહિ. માટે અસમ્ભાવનાની નિવૃત્તિ કરવા પોતાનામાં જ તેવું સ્વરૂપ દેખાડ્યું. પણ ભક્તિ વિના સાક્ષાત્ ભગવાન્નું ગાન કરી શકાય નહિ જેથી પ્રથમ ભક્તિનિરૂપક નામ કહે છે :

ભક્તિ-સ્વાસક્તિ-જનકાયનમઃ।।૩૨।।

ભક્તિવડે પોતાનામાં આસક્તિ ઉત્પન્ન કરનાર કૃષ્ણને નમસ્કાર. ભક્તિ કહ્યા પછી જ્ઞાનનું નિરૂપણ કરતાં તેને જ્ઞાપન કરનાર નામ કહે છે:

યશોદા-મોહ-નાશકાયનમઃ।।૩૩।।

યશોદાજીના મોહને નાશ કરનાર શ્રીહરિને નમન હો. નામકરણ સંસ્કાર સમયના નામોનું નિરૂપણ કરે છે :

રામાનુજાયનમઃ।।૩૪।।

બલરામના નાના ભાઈને નમન. ત્યાર પછી ભક્તજનોના અન્તઃકરણમાં રતિને વધારીને ભાવરૂપે તેમાં આપ સ્થિર થયા તે ભાવને દર્શાવનાર નામ કહે છે :

કૃષ્ણાયનમઃ।।૩૫।।

શ્રીકૃષ્ણચન્દ્રને વન્દન હો.

વાસુદેવાયનમઃ।।૩૬।।

શ્રીવાસુદેવને અભિવન્દન. આ પ્રમાણે મુખ્ય પ્રયોજનરૂપ ત્રણ નામો કહીને અનન્તગુણગણ ભગવાનના અનન્તનામોનું સંગ્રાહક નામ કહે છે :

અનન્ત-ગુણ-ગમ્ભીરાયનમઃ।।૩૭।।

અનન્ત ગુણોથી ન જાણી શકાય તેવા શ્રીહરિને નમસ્કાર. ગુણોની ગમ્ભીરતા-ગહનતા જણાવીને હવે રૂપોની ગમ્ભીરતા જણાવે છે :

અદ્ભુત-કર્મણેનમઃ।।૩૮।।

જેમના અદ્ભુત કર્મો છે તેવા શ્રીકૃષ્ણને નમન. અદ્ભુત કર્મ કરનારા શ્રીકૃષ્ણનું જ્ઞાન કેમ થાય તે સમજાવનારું નામ ઉપદેશ છે :

ગોકુલ-ચિન્તામણયેનમઃ।।૩૯।।

ગોકુલમાં ચિન્તામણિ રૂપ ગોકુલેશને પ્રણામ. સ્વરૂપજ્ઞાન દ્વારા

અનિષ્ટની નિવૃત્તિ થાય છે એમ કહીને ઇષ્ટપ્રાપ્તિનું સ્વરૂપ કહે છે :

ગોપ-ગોકુલ-નન્દનાયનમઃ।।૪૦।।

ગોપ, ગોપીજનો અને ગોકુલ ને પરમ આનન્દ આપનાર શ્રીગોકુલેન્દુને વન્દન. એ મુખ્ય નામો જણાવીને સમસ્ત સંકટોનું નિવારણ કરનાર નામનું સમુદાયથી કથન કરે છે :

ભક્ત-સર્વ-દુઃખ-નિવારકાયનમઃ।।૪૧।।

ભક્તોનાં સર્વ દુઃખને દુર કરનાર પ્રભુને અભિવન્દન. આમ કર્મસૂચક નામ કહીને ગુણસૂચક નામ કહે છે :

મહાનુભાવાયનમઃ।।૪૨।।

મહાનુભાવ ભગવાન્‌ને નમસ્કાર. આમ પરોક્ષરીતે ગુણોનો અનુભાવ કહ્યો. ભગવાનના ગુણો તો અનન્ત છે. સાક્ષાત્ સ્વરૂપના ગુણોના અનુભાવો તો કોણ જાણવાને શક્તિમાન્ છે. આવા આશયથી પછીનું નામ જણાવે છે.

અચિન્ત્ય-ગુણ-કર્મણેનમઃ।।૪૩।।

ચિન્તન ન કરી શકાય તેવા અનન્ત ગુણો અને કર્મો જેમના છે એવા શ્રીહરિને નમન. જેના આવા (પૂર્વે વર્ણવેલા) અદ્‌ભુત ગુણો અને કર્મો છે તે જ આપનો આ પુત્ર છે એમ સૂચવતું નામ કહે છે :

નારાયણાયનમઃ।।૪૪।।

શ્રીનારાયણને નમસ્કાર. આ પ્રમાણે નિરોધકર્તા તરીકે નામકરણોત્સવ સમ્બન્ધી નામો કહીને ગોઠણીયે ધીરે-ધીરે ચાલતા બાલકૃષ્ણની લીલાના નામો કહે છે :

વ્રજાંગણ-રિંગણ-જાનુ-ચરણારવિન્દાયનમઃ।।૪૫।।

વ્રજનાં આંગણામાં રમણ કરનારાં જાનુ અને ચરણારવિન્દ જેમનાં છે એવા વ્રજેશ્વરને નમન. આગળની લીલાને જણાવનાર નામ કહે છે :

વ્રજ-પંકાંગ-લેપનાયનમઃ।।૪૬।।

વ્રજના પંકનું લેપન જેમના અંગો ઉપર છે એવા વ્રજવલ્લભને અભિવન્દન. આટલાં ચરિત્રોથી ભક્તોનો નિરોધ સિદ્ધ થયો કે નહિ તેવી પરીક્ષા કરનાર આગળ સ્થિતિલીલારૂપ ચરિત્ર કરેલું છે તેને સૂચવનાર નામ કહે છે :

ભક્ત-પરીક્ષા-પરિપાલકાયનમઃ।।૪૭।।

ભક્તોની પરીક્ષાનું પરિપાલન કરનાર પ્રભુને પ્રણામ.

વ્રજ-હીરમણયેનમઃ।।૪૮।।

વ્રજના હીરામણીરૂપ શ્રીકૃષ્ણને નમન. રાજકુમારપણું દર્શાવી ઉચ્છૃંખલ ચરિત્ર પણ કર્યું તે દર્શાવનાર નામ કહે છે :

ગોકુલ-ધૂર્ત-ચરિત્રાયનમઃ।।૪૯।।

ગોકુલમાં ધૂર્તવત્ ચરિત્ર જેમનું છે એવા શ્રીહરિને નમસ્કાર. આ પ્રમાણે ધૂર્તચરિત્ર કર્યા પછી ઠપકો દેવા આવેલાં ગોપીજનો પ્રભુનાં શ્રીમુખનું અવલોકન કરતામાં જ સર્વ ઠપકાની વાત ભૂલી ગયાં અને મનમાં રંજન પામવાં લાગ્યાં તે હાર્દવાળું નામ સૂચવે છે :

ભક્ત-વશીકરણ-ચરિત્રાયનમઃ।।૫૦।।

ભક્તોને વશ કરનારું ચરિત્ર કરનાર વ્રજકુમારને પ્રણામ. પોતાના ઘરની વસ્તુનું નુકશાન થવા છતાં ભગવાનમાં તેમનું મન કેમ વશ થયું તે દર્શાવનાર નામ કહે છે :

નવનીત-લવાહારાયનમઃ।।૫૧।।

નવનીતના લેશને ભક્ષણ કરનાર નવનીતપ્રિયને વન્દન. જ્યાં સ્નેહની ઉત્પતિ થાય ત્યાં પ્રભુને પ્રીતિ થાય છે તે સુચક નામ કહે છે :

દધિ-દુગ્ધ-પ્રિયાયનમઃ।।૫૨।।

દહીં અને દૂધ બન્ને જેમને પ્રિય છે એવા કૃષ્ણને નમસ્કાર. ઠપકો પણ નિરોધને જ સાધનાર છે તેને જ્ઞાપન કરનાર નામ દર્શાવે છે :

ક્ષીર-કણાવલીઢ-મુખારવિન્દાયનમઃ।।૫૩।।

દૂધના બિન્દુઓનો આસ્વાદ કરનાર હોવાથી તેના વાળું જેમનું મુખારવિન્દ છે એવા પ્રભુને નમન. મૃત્તિકાનું ભક્ષણ કર્યું તે નામ કહે છે :

મૃત્સ્નાભક્ષણભીત-યશોદા-તાડન-સન્ત્રાસ-નયનારવિન્દાયનમઃ।।૫૪।।

માટીના ભક્ષણથી ભયભીત થયેલાં અને યશોદાના તાડનથી ત્રાસી ગયેલાં નયનકમળ જેમનાં છે એવા શ્રીકૃષ્ણને અભિવન્દન. માતાના વાક્યને સાંભળી ‘‘મેં માટી ખાધી નથી’’ તેવા કથનના આશયને સૂચિત કરતું નામ

દર્શાવે છે :

સર્વવિમોહકાયનમઃ।।૫૫।।

સર્વને વિશેષ મોહ કરનાર પ્રભુને પ્રણામ. ''સમક્ષં પશ્ય મે મુખમ્'' પ્રત્યક્ષ મારા મુખને જુઓ એ આશયનું નામ નિરૂપણ કરે છે :

માહાત્મ્ય-પ્રદર્શકાયનમઃ।।૫૬।।

(સમસ્ત બ્રહ્માંડના દર્શન કરાવીને) માહાત્મ્ય દર્શાવનાર ભગવાન્‌ને વન્દન. તેવાં દર્શન કરીને જેવું જ્ઞાન થયું તેવું નામ પ્રકટ કરે છેઃ

પરબ્રહ્મત્વ-બોધકાયનમઃ।।૫૭।।

પરબ્રહ્મપણાનો બોધ કરનાર ભગવાન્‌ને નમસ્કાર. ભગવાને બ્રહ્માનન્દ કરતાં ભજનાનન્દ મહાન છે. તેથી ભક્તિ સિદ્ધ થવા માટે જ યશોદાજીને પરબ્રહ્મનું જ્ઞાન કરાવી પુનઃ મોહાસક્ત કરી દીધાં તે આશયને જણાવનારું નામ છે.

સર્વજનીન-માહાત્મ્યાયનમઃ।।૫૮।।

સર્વજનોથી ગાન કરવામાં આવે એવું જેમનું માહાત્મ્ય છે એવા શ્રીકૃષ્ણને નમન. માતાની સંસારાસક્તિ દૂર કરવાને જે કર્યું તે ચરિત્ર કહે છેઃ

દધિ-ભાંડ-ભેત્ત્રેનમઃ।।૫૯।।

દહીંની ગોળીને ભાંગનાર ભગવાન્‌ને વન્દન. યશોદાજી પ્રભુને અતૃપ્ત છોડી ગયાં એ પ્રકટ દોષ થયેલો છે. તો પણ તેમનો નિરોધ પોતાનામાં કરવો જ છે. સ્નેહનો વિનિયોગ પ્રભુમાં થાય તો જ દોષ દૂર થાય માટે ઘરની અંદર જઈને સ્નેહરૂપી માખણ ખાધું. એને અનુસરતું નામ આપે છે :

ચૌર્ય-વિશંકિતેક્ષણાયનમઃ।।૬૦।।

ચોરીના કર્મથી શંકાયુક્ત જેમનું નેત્ર છે તેવા નવનીતપ્રિય પ્રભુને પ્રણામ. માતાને પોતાને બાંધવામાં બહુ જ શ્રમ થયો છે તે જાણીને પોતે જ કૃપા કરીને બંધાઈ ગયા તે તાત્પર્યને જણાવતું નામ ઉપદેશે છે :

ભક્તાધીનાયનમઃ।।૬૧।।

ભક્તાધીન ભગવાનને નમસ્કાર.

દામોદરાયનમઃ।।૬૨।।

દોરડું જેમનાં ઉદરપર છે એવા શ્રીદામોદરને વન્દન. પ્રભુને બાંધીને યશોદાજી ફરીથી ગૃહકાર્યમાં પરોવાઈ ગયાં. આ દોષને દુર કરવા આગળનું ચરિત્ર કરેલું છે. તે ચરિત્રદર્શક નામકહે છે :

યમલાર્જુન-ભંજનાયનમઃ।।૬૩।।

'યમલાર્જુન' નામના વૃક્ષોને ભાંગનાર ભગવાનને નમન. ભગવાન્ ભક્તોનો ઉદ્ધાર કરવામાટે પ્રકટ થયા છે. એટલે તે કાર્ય આપને કરવું જ રહ્યું. વળી ભક્ત નારદજીની વાણીને પણ પૂર્ણ કરવી જ જોઈએ તો તે અર્થનું સમર્થન કરનાર નામ જણાવે છે :

ભક્ત-વાક્ય-પરિપૂરકાયનમઃ।।૬૪।।

ભક્તના વાક્યને પરિપૂર્ણ કરનાર નન્દકુમારને નમસ્કાર. કુબેરના પુત્રોનો ઉદ્ધાર કર્યા પછી કદાચ તેમની સ્થિતિ પૂર્વના જેવી જ રહે એમ સન્દેહ થાય તેનું નિવારણ કરવા પૂર્વાવસ્થાના અભાવનું સૂચન કરનાર નામનો નિર્દેશ કરે છે :

ભક્તિદાત્રેનમઃ।।૬૫।।

ભક્તિનું દાન કરનાર પ્રભુને પ્રણામ. પ્રથમ યશોદાજીના બન્ધનમાંથી મુક્તિ કહી. એ બન્ધન પણ આપની ઇચ્છાથી પ્રાપ્ત કરેલું. વળી બન્ધનથી મુક્ત પણ આપ સ્વેચ્છાથી જ થયા છે. ભગવાનને બન્ધન કેમે કર્યું ઘટતું નથી. પ્રભુને બન્ધનનો સર્વથા અભાવજ છે એમ દર્શાવતું નામ જણાવે છેઃ

સર્વેશ્વરાયનમઃ।।૬૬।।

સર્વના ઈશ્વર પરમેશ્વરને અભિવન્દન. વળી બન્ધન પણ સ્વ-સ્વરૂપાત્મક હતું. પોતાનાથી પોતાને બન્ધન હોયજ નહિ તે સ્પષ્ટ કરે છેઃ

સર્વાયનમઃ।।૬૭।।

સર્વના ઈશ્વર-પરમેશ્વરને અભિવન્દન. શ્રીનન્દરાયજીનો નિરોધ પણ કરવો જ જોઈએ એમ વિચારીને તેમનામાં પ્રેરણા કરી તે દ્વારા બન્ધન મુક્ત થયા તે નામ કહે છે :

નન્દ-વિમોચિત-બન્ધનાયનમઃ।।૬૮।।

શ્રીનન્દરાયે જેમનું બન્ધન મુક્ત કર્યું છે એવા કૃષ્ણને નમન. આગળ

ચરિત્રનો વિસ્તાર કરવામાટે અન્ય ગોપોનો પણ નિરોધ સિદ્ધ કરેલો છે તેવું નામ કહે છે :

ઉપનન્દપ્રિયાયનમઃ।।૬૯।।

ઉપનન્દને પ્રિય પ્રભુને પ્રણામ. વૃન્દાવનમાં ગમન કરતાં તે સમયનું નામ દર્શાવે છે :

માતૃરુત્સંગ-ગતાયનમઃ।।૭૦।।

માતાના ઉત્સંગમાં રહેલા યશોદોત્સંગલાલિતને નમસ્કાર. ત્યાંથી આગળ જતાં સામાન્ય લીલાનું જ્ઞાપન કરનાર નામ કહે છે :

વૃન્દાવન-ક્રીડા-રતાયનમઃ।।૭૧।।

વૃન્દાવનની ક્રીડામાં રત-આનન્દ મેળવનાર વૃન્દાવનવિહારીને અભિવન્દન. વૃન્દાવનની લીલામાં પ્રથમ વત્સચારણ પ્રસંગ આવે છે. તે સમ્બન્ધિ નામ કહે છે :

વત્સ-વાટ-ચરાયનમઃ।।૭૨।।

વત્સોને વાટમાં ચરાવનાર વત્સપાલ પ્રભુને પ્રણામ. પાલનીય પશુઓના દોષોને વિદારણ કરનાર નામ નિરૂપણ કરે છે :

વત્સાસુર-હન્ત્રેનમઃ।।૭૩।।

વત્સાસુરનો વધ કરનાર વિભુને વન્દન. પોતાના ચરિત્રથી બાલકોને પ્રપઞ્ચ રહિત બનાવી તેમના દમ્ભ દોષરૂપ બકાસુર, જેની બન્ને ચાંચો લોભ અને અસત્ય રૂપ હતી તેને માર્યો તે નામનો ઉલ્લેખ કરે છે :

બક-વિદારણાયનમઃ।।૭૪।।

બકાસુરને વિદારનાર બકારિને નમન. હવે ''નિલાયનૈઃ સેતુબન્ધૈ'' ઇત્યાદિ શ્લોકમાં કહેલી કુમારલીલાને અહીં બંધ રાખીને પૌગંડ લીલા પ્રકટ કરી, તે બારમા અધ્યાયનાં નામોનું નિરૂપણ કરતાં પ્રથમ વૃન્દાવનના દૈત્ય સમ્બન્ધથી થયેલા દોષને નિવારણ કરવાનું સૂચન કરનાર નામ કહે છે :

વૃન્દાવન-ચારિણેનમઃ।।૭૫।।

વૃન્દાવનમાં વિચરનાર વિભુને નમસ્કાર. જ્યાં સુધી ''હું, મારો દેહ'' એવો દેહાધ્યાસ ન જાય ત્યાં સુધી નિરોધ થઈ શકે નહિ. તેથી તેનું નિરાકરણ

કરનાર નામ કહે છે :

ધેનુકાસુર-ખંડનાયનમઃ।।૭૬।।

ધેનુકાસુરને ખંડન કરનાર પ્રભુને પ્રણામ. અધ્યાસ નષ્ટ થતાં ફલપ્રાપ્તિ થવી જોઈએ. તે સૂચક નામ જણાવે છે :

ઉત્તાલ-તાલ-ભેત્ત્રેનમઃ।।૭૭।।

ઊંચા તાલ શબ્દ કરવામાં આવે તેમ તાલ વૃક્ષોને ભાંગી નાખનાર ભગવાનને અભિવન્દન. તેમ કરવાથી સર્વને સુખ થયું તે સૂચવતું નામ :

સર્વ-પ્રાણિ-સુખ-સઞ્ચાર-કર્ત્રેનમઃ।।૭૮।।

સર્વ પ્રાણી માત્રને સુખનો સઞ્ચાર કરનાર અસુરારિને નમસ્કાર. દિવસે વનમાં લીલા કરીને સાયંકાલે પ્રભુ વ્રજમાં પધારે છે એ તાત્પર્યને પ્રકટ કરનાર નામ કહે છે :

ગોકુલ-સુખ-વાસાયનમઃ।।૭૯।।

ગોકુલમાં સુખપૂર્વક વાસ કરનાર ગોકુલેશ્વરને વન્દન. જે લીલા સર્વ રસમય છે-રસસ્વરૂપ છે અને જે પુરુષાર્થરૂપ છે તે લીલાઓ ગોપબાલકો સાથે પ્રભુએ વનમાં પ્રકટ કરી છે. ગોકુલમાં રહેનારાં ભક્તજનો-ગોપીજનોએ તે લીલાનું દર્શન કર્યું નથી. પરન્તુ ભગવાન્ જ્યારે વનમાંથી ગોકુલમાં પધારતાં તે સમયે તેમનાં સ્વરૂપમાં જ તે-તે લીલાઓનો અનુભવ તેમને થતો. તે રસમય લીલાનું જ્ઞાપન કરનાર પ્રથમ પુરુષાર્થરૂપ નામ નિવેદન કરે છે :

ગોરજઃચ્છુરિત-કુન્તલાયનમઃ।।૮૦।।

ગાયોના રજથી વ્યાપ્ત કેશધારી ગોપબાલને નમન. આ પ્રભુ તેવા સર્વ રસમય થઈને વેણુનાદ કરે છે ત્યારે સર્વ ભક્તજનો વશીભૂત થઈ જાય છે તેવું નામ જણાવે છે :

વેણુવાદ-વિશારદાયનમઃ।।૮૧।।

વેણુને વગાડવામાં પ્રવીણ પ્રભુને પ્રણામ. આ પ્રમાણે ધર્મ સહિત નામ કહીને કેવલ રસરૂપ જણાવે છે :

વન-કુસુમાવલી-રચિતાકલ્પાયનમઃ।।૮૨।।

વનમાં પુષ્પોની પંક્તિઓથી નટના વેષ રચનારને વન્દન. નટવર

વેષથી સર્વને ભક્તિ પ્રકટ કરે છે તે સૂચવે છે :

અનુગ-ગીયમાન-યશઃપુઞ્જાયનમઃ॥૮૩॥

અનુસરનારા ભક્તજનોવડે જેમના યશોનું ગાન કરાય છે એવા પુણ્યશ્લોકને અભિનન્દન. આવા પરમ રમણીય ભગવત્સ્વરૂપનાં દર્શન કરતાં દિવસે ઉત્પન્ન થતો વિરહપાત શાન્ત થઈ જાય છે તે અર્થનું સમર્થન કરતું નામ ઉપદેશો છે :

ગોપી-તાપ-હારકાયનમઃ॥૮૪॥

ગોપીજનોના સન્તાપને હરનાર શ્રીહરિને નમસ્કાર. વ્રજાંગનાઓનો સત્કાર પ્રાપ્ત કરતાં પોતાનો પણ પરિશ્રમ શાન્ત થઈ જતો હતો તેનું સૂચન કરે છે :

ગોપી-નયનારવિન્દાર્ચિતાયનમઃ॥૮૫॥

ગોપીજનના નયનારવિન્દથી અર્ચન કરાતા નટવરને નમન. ગોકુલમાં પ્રવેશ કર્યા પછી માતાઓએ શ્રમને દૂર કરવાને કરેલા મર્દન, સ્નાન, આભૂષણ, ભોજન થી લઈને શયન પર્યન્તના સત્કારને સૂચન કરનાર નામ કહે છે :

લૌકિક-લીલા-પ્રદર્શકાયનમઃ॥૮૬॥

લૌકિક લીલા દર્શાવનાર ભગવાન્ શ્રીકૃષ્ણને પ્રણામ. ઇન્દ્રિયોના અધ્યાસરૂપ કાલિયાનાગ છે. વ્રજભક્તોનો ઇન્દ્રિયાધ્યાસ દુર કરવો જોઈએ. વળી અત્યાર સુધીમાં વ્રજભક્તોનો પોતાનામાં નિરોધ સિદ્ધ થયો છે કે નહિ તેની પણ પરીક્ષા કરવી જોઈએ. વળી ભવિષ્યમાં પણ શ્રીયમુનાજીમાં જલક્રીડા કરવામાટે તેમને વિશુદ્ધ કરવાજ જોઈએદએ સર્વ અભિપ્રાયને જ્ઞાપન કરનાર નામ કહે છે :

વિષમૂર્ચ્છિત-ગો-ગોપાલ-જીવન-દૃષ્ટયેનમઃ॥૮૭॥

વિષથી મૂર્છિત ગાયો અને ગોપાલકો ના જીવનરૂપ દૃષ્ટિ જેમની છે એવા પ્રભુને વન્દન. કાલિયના નિવાસથી થયેલા દોષને જોઈ તેને દમન કરવામાટે પોતે જ શ્રીયમુનાજીમાં પ્રવેશ કર્યો તે નામ કહે છે :

ભક્ત-પરીક્ષકાયનમઃ॥૮૮॥

ભક્તોની પરીક્ષા કરનાર ભગવાનને અભિનન્દન. પરીક્ષા કર્યા પછી તેમને આશ્વાસન આપનારું નામ કહે છે :

કાલિય-ફણિ-માણિક્ય-રંજિત-શ્રીપદામ્બુજાયનમઃ॥૮૯॥

કાલિયનાગના ફણાના માણિક્ય મણિથી મનોરઞ્જક જેમના ચરણારવિન્દ છે એવા નાગદમન પ્રભુને નમન. કાલિયને દંડ દીધો માટે અનુગ્રહ પણ કરવો જ જોઈએ તેથી તેવા પ્રકારના નામનો નિર્દેશ કરે છે :

નાગપત્ની-સમર્ચિતાયનમઃ॥૯૦॥

નાગપત્નીઓ વડે સુન્દર રીતે અર્ચન કરાતા પ્રભુને નમસ્કાર. ભગવાન્ દ્વારા મુક્ત કરાયેલો કાલિયનાગ પોતાના પરિવાર સહિત રમણદ્વીપ ચાલ્યો ગયો. આમ યમુનાજી શુદ્ધ બન્યાં તેનું સૂચક નામ જણાવે છે :

ભક્તાશ્રય-જલ-સ્થલ-વિશોધકાયનમઃ॥૯૧॥

ભક્તોના આશ્રયરૂપ જલ અને સ્થલ ને વિશેષ રીતે શુદ્ધ કરનાર પ્રભુને પ્રણામ. બધી શુદ્ધિ સમ્પાદન કરીને નાનાવિધ ક્રીડાઓ પણ આપે તે સ્થલમાં કરી છે તે દર્શાવનાર નામનો નિર્દેશ કરે છે :

નાનાવિધ-ક્રીડા-રતાયનમઃ॥૯૨॥

નાના પ્રકારની ક્રીડામાં અનુરક્ત પ્રભુને વન્દન. ત્યાં રમણ સમયમાં પ્રલમ્બાસુર આવ્યો તે નામ જણાવે છે :

પ્રલમ્બ-ઘાતકાયનમઃ॥૯૩॥

પ્રલમ્બને નાશ કરનાર ભગવાનને અભિવન્દન. દાવાગ્નિ આત્મદોષરૂપ અજ્ઞાન છે. તેનું નિવારણ પ્રભુએ કર્યું તે આશયનું નામ નિરૂપણ કરે છે :

દાવાગ્નિ-પતિત-ગોકુલ-રક્ષકાયનમઃ॥૯૪॥

દાવાગ્નિમાં પડેલા ગોકુલનું રક્ષણ કરનારને નમન. કેવી રીતે રક્ષા કરી તે જણાવનાર નામ કહે છે :

અગ્નિમુખાયનમઃ॥૯૫॥

અગ્નિ જેમનાં મુખમાં છે તેમને નમસ્કાર. ૧૭ અધ્યાયમાં ક્રીડામાં ઉપયોગી વર્ષા અને શરદ્ ઋતુઓનું વર્ણન છે. તેનું કાર્ય ૧૮ અધ્યાયમાં થયેલું છે. તે નામો દર્શાવે છે. તેમાં પ્રથમ ઋતુના વર્ણન પછી વનમાં પ્રવેશને વર્ણવતું નામ સૂચવે છે :

સર્વર્તુ-ક્રીડા-વિલાસાયનમઃ।।૯૬।।

સર્વ ઋતુઓની ક્રીડાઓના વિલાસ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. ‘‘કુસુમિત વનરાજિ’’ એ શ્લોકથી વિભાવ અનુભાવ ઉદ્દીપનભાવ વગેરે રસના ધર્મોને નિરૂપણ કરી સર્વત્ર રસનો ઉદ્બોધ કરવામાટે પ્રભુએ વેણુનાદ કર્યો તેનું નામ સૂચવે છે :

ગોકુલ-ચારુ-વિચિત્ર-ચરિત્રાયનમઃ।।૯૭।।

ગોકુલમાં મનોહર આશ્ચર્યકારક ચરિત્રવાળા ગોકુલેશને વન્દન. આ વેણુના કૂજન માત્રનો ધર્મ કહ્યો, પછીથી ગાન કર્યું તે કહે છે :

ગોપિકા-ધૈર્ય-વિમોચક-વેણુનાદાયનમઃ।।૯૮।।

ગોપિકાઓનાં ધૈર્યને છોડાવી દે તેવો વેણુનાદ કરનાર બંસીધર ભગવાન્ને અભિવન્દન. હવે વેણુનાદના વર્ણનની આવશ્યકતા છે. તેથી જેમ તેનું વર્ણન થઈ શકે તેને જ્ઞાપન કરનાર નામ જણાવે છે :

ગોપિકા-નયન-પાનૈક-પાત્રાયનમઃ।।૯૯।।

ગોપીકાઓના નયનોને પાન કરવાના પાત્રરૂપ પ્રભુને પ્રણામ. આ સ્વરૂપનો અનુભવ કર્યા પછી તેનું વર્ણન થયું તે નામ દર્શાવે છે :

શ્રુતિરૂપ-ગોપિકા-વર્ણિત-નિખિલ-ગુણાયનમઃ।।૧૦૦।।

શ્રુતિરૂપ ગોપિકાઓએ વર્ણન કર્યા છે સર્વગુણો જેમના એવા વિભુને વન્દન. શ્રુતિરૂપ ગોપિકાઓનો નિરોધ કહીને હવે અનન્યપૂર્વા ગોપકન્યાઓનો પ્રભુમાં નિરોધનું નિરૂપણ કરનારું નામ કહે છે :

ગોપકન્યા-વ્રત-ફલાયનમઃ।।૧૦૧।।

ગોપકન્યાઓનાં વ્રતના ફલરૂપ ભગવાનને અભિવન્દન. ભગવાને મુખ્ય ફલનું દાન કરવા ત્યાં જઈને જે કર્યું તે જણાવે છે :

જલક્રીડા-સમાસક્ત-ગોપી-વસ્ત્રાપહારકાયનમઃ।।૧૦૨।।

જલક્રીડામાં સારી રીતે આસક્ત બનેલી ગોપીઓનાં વસ્ત્રનું હરણ કરનાર શ્રીહરિને નમન. તેમનું સર્વ સિદ્ધ કર્યું પરન્તુ તેમના સર્વનો વિનિયોગ પોતાનામાં થવો જોઈએ. પુરુષત્વ ધર્મ તેમનામાં નથી તો તે પણ સ્થાપન કરવો જોઈએ. જેથી મિત્રવર્ગ સાથે ત્યાં આવવું થયું તેવું નામ કહે છે :

મુક્તોપસર્પકાયનમઃ।।૧૦૩।।

જેમની સમીપમાં પ્રાપ્ત થનાર મુક્ત થાય છે એવા કૃષ્ણને નમસ્કાર. લીલાસમ્બન્ધિ પદાર્થોનું જ્ઞાન ગોપોને થવું જોઈએ. જો તેમ ન થાય તો તેઓનું અનિષ્ટ થાય. તેથી તેમને જ્ઞાનનો ઉપદેશ કર્યો તે સૂચિત કરે છે :

વૃન્દાવન-બોધકાયનમઃ।।૧૦૪।।

વૃન્દાવન સમ્બન્ધી બોધ કરનાર કૃષ્ણને પ્રણામ. ગોપ બાલકોને વનના સર્વ પદાર્થો ભગવદ્રૂપ અને ભગવાન્ને જ માટે છે એમ જ્ઞાન થયું એટલે તેનું ગ્રહણ કરવું યોગ્ય નથી એમ માનીને તે ગોપ બાલકો ક્ષુધા ઉત્પન્ન થતાં પ્રભુની પાસે પ્રાર્થના કરવા લાગ્યાં. નહિ તો તેઓ વૃક્ષાદિનાં ફલાદિ ગ્રહણ કરીને પોતાની ક્ષુધા શાન્ત કરી શકત. એટલે ભગવાન્ને પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં ઉપયોગી જેટલું જ્ઞાન તેટલું તેમનામાં સ્થાપન કરવાને પ્રથમ બાલલીલાની સિદ્ધિમાટે લોકાનુકૂલ જ્ઞાન થાય, પછી ભગવત્પ્રાપ્તિનું જ્ઞાન થાય, એમ બન્ને જ્ઞાન પ્રાપ્ત કરવાને યોગ્ય બ્રાહ્મણોનું અન્ન છે એમ વિચારી, બ્રાહ્મણોમાં બહિર્મુખતા છે અને બ્રાહ્મણ પત્નીઓમાં ભક્તપણું જ છે એમ જણાવવા; તથા તિરસ્કાર કરનારા બ્રાહ્મણોનું ભગવાન્ સમ્બન્ધમાં અજ્ઞાનપણું દર્શાવવા તેમને યાચના કરવાનો ઉપદેશ કર્યો તે આશયનું નામ દર્શાવે છે :

યજ્ઞભોક્ત્રેનમઃ।।૧૦૫।।

યજ્ઞના ભોક્તા ભગવાનને વન્દન. સર્વભોક્તા છતાં યાચના કેમ કરી? તેનું સમાધાન કરે છે :

યજ્ઞ-ભાગ-ભુજેનમઃ।।૧૦૬।।

યજ્ઞના ભાગને ભોગવનાર ભગવાન્ને અભિનન્દન. ધર્મરક્ષા ભક્તિની રક્ષા તથા પોતાના વચનોની રક્ષામાટે ભગવાને આવું કર્યું તે સૂચિત કરે છે:

ધર્મ-રક્ષકાયનમઃ।।૧૦૭।।

ધર્મરક્ષક પ્રભુને પ્રણામ. બ્રાહ્મણપત્નીઓનું અન્ન સ્વીકારીને તેમને પ્રસન્ન કર્યાં તેનું સૂચક નામ કહે છે :

યજ્ઞપત્ની-પ્રસાદકાયનમઃ।।૧૦૮।।

યજ્ઞપત્નીઓ પર અનુગ્રહ કરનાર શ્રીકૃષ્ણને નમન. ત્યાં ગયા તે લોકોનું શું થયું તે સ્પષ્ટ કરે છે :

સર્વાજ્ઞાન-નિવારકાયનમઃ।।૧૦૯।।

સર્વના અજ્ઞાનને નિવારણ કરનાર ભગવાનને વન્દન. અહીં સુધી બાલલીલાના નામો છે તેનો ઉપસંહાર કરે છે :

ઇતિ બાલચરિત્રસ્ય નામ્નામ્ અષ્ટોત્તરં શતમ્ ।।
કૃષ્ણભક્તિહૃદાનન્દિ કીર્તનાદ્ ભક્તિબોધકમ્ ।।૧।।

આ પ્રમાણે શ્રીકૃષ્ણની ભક્તિથી હૃદયમાં આનન્દ આપનારાં બાલચરિત્રનાં એકસો આઠ નામો કીર્તન કરવાથી ભક્તિનો ઉપદેશ કરનારાં છે એમ સમજવું ।।૧।।

।। ઇતિ બાલલીલા નામાવલી ।।

।। અથ પ્રૌઢલીલાનામાનિ ।।

બાલચરિત્રના ફલને કહીને આસક્તિ કરનાર ભગવચ્ચરિત્રને કથન કરવાની પ્રતિજ્ઞા કરે છે :

નામાન્યથ પ્રવક્ષ્યામિ યૈઃ સન્તુષ્યતિ કેશવઃ ।।
વક્ષ્યામિ ભક્તહૃદયે પરમાનન્દદાયકઃ ।।૧।।

હવે જે નામોથી ભક્તજનના હૃદયમાં બાહ્ય અને આન્તર બન્ને પ્રકારે પરમાનન્દનું દાન થાય તેમજ બ્રહ્મા-શંકરને મોક્ષ આપનાર ભગવાન્ શ્રીકૃષ્ણ સન્તુષ્ટ થાય તેવાં નામોને હું કહું છું.

અદ્ભુત-બાલકાયનમઃ।।૧।।

આશ્ચર્યકારક બાલકને નમસ્કાર. રૂપ દર્શાવીને અલૌકિક શોભાને દર્શાવનાર નામ કહે છે :

અમ્બુજેક્ષણાયનમઃ।।૨।।

કમલ સમાન નયનધારી દેવકી નન્દનને વન્દન. અલૌકિક જ્ઞાન શક્તિ કહીને ક્રિયા શક્તિ જણાવે છે :

ચતુર્ભુજાત્ત-ચક્રાસિ-ગદા-શંખાદ્યુદાયુધાયનમઃ।।૩।।

ચાર ભુજાઓમાં ચક્ર-પદ્મ-ગદા-શંખ રૂપ આયુધો જેમણે ધારણ કર્યાં છે તેવા ચતુર્ભુજને અભિવન્દન. માહાત્મ્ય દર્શાવનાર નામ કહે છે :

શ્રીવત્સ-લક્ષ્મણેનમઃ।।૪।।

શ્રીવત્સનું ચિહ્ન જેમને છે એવા પ્રભુને પ્રણામ.

કૌસ્તુભાભરણ-ગ્રીવાયનમઃ।।૫।।

કૌસ્તુભમણિનું આભરણ જેમાં છે એવા કંઠવાળા શ્રીકંઠપ્રભુને નમન. તેવા સ્વરૂપનું દર્શન કરતા મહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહ પ્રાપ્ત કરવાથી શ્રીદેવકીજી માતાની મુક્તિ જ થઈ જવી જોઈતી હતી, પરન્તુ તેમ ન થયું તે કહે છે:

પીતામ્બર-ધારિણેનમઃ।।૬।।

પીતામ્બરધારી પ્રભુને નમસ્કાર. રસસ્વરૂપ દ્યોતક નામનો નિર્દેશ કરે છે:

નીલ-મેઘ-શ્યામાયનમઃ।।૭।।

નીલ-શ્યામમેઘના જેવા શ્યામસુન્દરને વન્દન. આ સ્વરૂપ નિરૂપણ કરીને તેને યોગ્ય આભરણ દર્શાવનાર નામ કહે છે :

નાના-કલ્પ-વિરાજિતાયનમઃ।।૮।।

નાનાપ્રકારના આભૂષણોથી વિરાજમાન ભગવાનને અભિવાદન. પરમ સુન્દરતા-દર્શક નામ નિવેદન કરે છે :

આત્મ-વિસ્માપક-માનુષ-વેષ-સૌન્દર્ય-નિધયેનમઃ।।૯।।

આત્માને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા મનુષ્યવેશના સૌન્દર્યના નિધિરૂપ પ્રભુને પ્રણામ. ઉપર પ્રમાણેના અદ્ભુતબાલકનું વ્રજમાં પ્રયોજન નહિ હોવાથી અન્યરૂપે વ્રજમાં પધાર્યા. આથી રમા-લક્ષ્મી પણ ત્યાં આવીને તેમની સેવા કરે છે તે માહાત્મ્યને સૂચન કરનાર નામને દર્શાવે છે:

રમા-લાલિત-પાદ-પદ્માયનમઃ।।૧૦।।

રમાએ લાલન કર્યાં છે ચરણકમલ જેમના તેમને નમસ્કાર. એકવિશમાં અધ્યાયથી શરૂ થતાં નામો જણાવે છે. તેમાં ભક્તને અન્યભજન વગેરે નિષિદ્ધ છે માટે તેના નિવારણનું સૂચક નામ કહે છે :

ભક્ત-હિતોપદેશકાયનમઃ।।૧૧।।

ભક્તોને હિતનો ઉપદેશ કરનાર શ્રીકૃષ્ણને નમન. બાળકના ઉપદેશમાત્રથી પરમ્પરાગત ધર્મને તેઓએ મોટા હોવા છતાં કેમ ત્યાગ કર્યો તે સૂચન કરનાર નામ કહે છે :

હવિર્મન્ત્ર-દેવતા-મૂલ-બોધકાયનમઃ।।૧૨।।

હવિ, મન્ત્ર તથા દેવતાઓ ના મૂળનો બોધ કરનારને પ્રણામ. ઇન્દ્રે અજ્ઞાનને કારણે વ્રજ ઉપર આક્રમણ કર્યું તેનું સૂચક નામ કહે છે :

કૃત-વેષ-મોહિત-દેવ-પરીક્ષકાયનમઃ।।૧૩।।

કરેલા વેષથી મોહિત થયેલા દેવની પરીક્ષા કરનારને વન્દન. યજ્ઞ ભંગ થવાથી કોપાયમાન થયેલા ઇન્દ્રે પ્રલય સમયના મેઘોને છોડી વૃષ્ટિ કરી તો આખું જગત્ ડુબવું જોઈએ. તેમ થયું નથી તો તેના કારણને દર્શાવનાર નામ દર્શાવે છે :

એક-દેશ-વૃષ્ટિ-વાયુદેવતા-ક્ષોભ-જનકાયનમઃ।।૧૪।।

એક દેશમાંજ-માત્ર વ્રજમાંજ વૃષ્ટિ અને વાયુ થી ક્ષોભ ઉત્પન્ન કરનાર ભગવાનને અભિનન્દન. મૂળમાં તો ઇન્દ્રે મેઘાદિકોને ક્ષોભ ઉત્પન્ન કર્યો એમ કહ્યું છે. અહીં તો ભગવાન્ ક્ષોભ ઉત્પન્ન કરનાર છે એમ જણાવ્યું એનું શું કારણ? તે કહે છે :

સર્વરૂપાયનમઃ।।૧૫।।

સર્વરૂપ પ્રભુને પ્રણામ. ઇન્દ્રયાગભંગની લીલાથી શું સિદ્ધ કર્યું? તે કહે છે :

વેદમાર્ગ-રક્ષકાયનમઃ।।૧૬।।

વેદમાર્ગનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. સર્વ અન્તરાયોને દૂર કરીને પોતાનામાં જ નિજજનોને નિષ્ઠાવાળા કર્યા એથી આપ ભક્તિમાર્ગના પણ પ્રવર્તક થયા તે નામ કહે છે :

ભક્તિમાર્ગ-પ્રવર્તકાયનમઃ।।૧૭।।

ભક્તિમાર્ગ પ્રવર્તાવનાર ભગવાન્‌ને નમન. રક્ષા કરી તે પણ પોતાના સ્વરૂપથી જ કરેલી છે, અન્ય સાધનથી નહિ. તેમ કરે તો નિજજનોને અન્ય સમ્બન્ધ થતાં તેમનો નિરોધ સિદ્ધ ન થાય તે જણાવે છેઃ

ગોવર્ધનોદ્ધરણ-ધીરાયનમઃ।।૧૮।।

શ્રીગોવર્ધનને ઉદ્ધરણ કરવામાં ધીર શ્રીકૃષ્ણને વન્દન. માત્ર પોતાના જ ભક્તજનોને માહાત્મ્યજ્ઞાનનું દર્શન કરાવ્યું એટલું જ નહિ પણ સર્વને તેવું

જ્ઞાન કરાવ્યું તે જણાવે છે :

સર્વજનીન-માહાત્મ્ય-બોધકાયનમઃ।।૧૯।।

સાર્વજનિક માહાત્મ્યનો બોધ કરનાર હરિને નમસ્કાર. ભગવાનનું માહાત્મ્ય સર્વત્ર પ્રકટ હતું તેથી ઇન્દ્ર પણ તે જોઈને વિસ્મય પામ્યો તે સમ્બન્ધમાં નામ કહે છે :

ભક્ત-વિસ્માપકાયનમઃ।।૨૦।।

ભક્તને વિસ્મય કરનાર ગોવર્ધનધારીને નમન. ઇન્દ્ર ભગવદ્‌ભક્ત હોવાથી તેના દોષને ભગવાને દૂર કર્યો, તેને દેવરાજ પદ પરથી દૂર ન કર્યો તે કહે છે :

મોહન-પ્રબોધોભય-રક્ષકાદ્ભુત-ચરિત્રાયનમઃ।।૨૧।।

મોહ અને જ્ઞાન એમ ઉભયનું રક્ષણ કરે તેવું અદ્ભુત જેમનું ચરિત્ર છે એવા ભગવાન્‌ને વન્દન. ભગવાનના આવા અદ્ભુત ચરિત્ર પાછળ રહેલ કારણને જણાવે છે :

લોક-વેદોલ્લંઘન-કર-પ્રપન્નભક્ત-સર્વદુઃખ-નિવારકાયનમઃ।।૨૨।।

લોકો અને વેદ ને ઉલ્લંઘન કરનારા શરણે આવેલા ભક્તના સર્વદુઃખોને નિવારણ કરનાર પ્રભુને પ્રણામ. કેવલ ઇન્દ્રના દુઃખનું નિવારણ કર્યું એટલું જ નહિ પણ તેના ઉપર મહાન અનુગ્રહ પણ કર્યો તે કહે છેઃ

ઇન્દ્ર-સુરભી-પ્રસાદકાયનમઃ।।૨૩।।

ઇન્દ્ર તથા કામધેનુ ઉપર અનુગ્રહ કરનાર શ્રીહરિને અભિવન્દન. પ્રભુનું ઇન્દ્રત્વસૂચક નામ પ્રદર્શિત કરે છે :

ગોવિન્દાયનમઃ।।૨૪।।

ગોકુલના ઇન્દ્રને નમન. આટલાં ચરિત્ર કરવા છતાં નન્દરાયજીને માહાત્મ્યનું પરિજ્ઞાન થયું નહિ. તેથી જ ગોવર્ધનને ધારણ કર્યા પછી ભગવાનનું મિલન થતાં ફરી લૌકિક બાલક જેવો જ વ્યવહાર શ્રીકૃષ્ણસાથે કર્યો, અલૌકિક ભાવ સ્ફુર્યો નહિ. તેથી આગળનું ચરિત્ર કરવામાં આવ્યું તેનું નામ કહે છે :

અત્યન્ત-ભક્ત-નિરોધકાયનમઃ।।૨૫।।

અત્યન્ત ભક્તનો નિરોધ કરનારા શ્રીકૃષ્ણને નમસ્કાર.

વરુણાદિ-દેવ-પ્રબોધકાયેનમઃ।।૨૬।।

વરુણાદિક દેવોને ઉપદેશ કરનાર વિભુને અભિવન્દન. વરુણ લોકમાં વરુણાદિ દેવો પ્રભુના દાસ છે એમ જાણીને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન દઢ થયું તેથી પ્રભુનો પરમ ઉત્કર્ષ જોવાની ઇચ્છા થતાં નન્દાદિકોને તેનું દર્શન કરાવ્યું તે કહે છે :

વ્યાપિ-વૈકુંઠ-પ્રદર્શકાયનમઃ।।૨૭।।

વ્યાપી વૈકુંઠને દર્શાવનાર પ્રભુને નમન. વૈકુણ્ઠમાંથી ઉદ્ધાર કર્યાનું સ્પષ્ટ કથન કરે છે :

વૈકુંઠ-સ્થિત્યધિક-ભક્ત-ગૃહ-સ્થિતિ-બોધકાયનમઃ।।૨૮।।

વૈકુંઠમાં સ્થિતિ કરતાં અધિક ભક્તને ગૃહ સ્થિતિ છે તેવો બોધ કરનાર હરિને વન્દન. બ્રહ્માનન્દ કરતાં ભજનાનન્દ નું વૈશિષ્ટ્ય છે તેથી તેના ભેદને દર્શાવતું નામ કહે છે :

મદનગોપાલાયનમઃ।।૨૯।।

મદનમૂર્તિ ગોપાલને પ્રણામ. ગોકુલમાં ભગવાનનું ઉચ્છૃંખલ ચરિત્ર જોવામાં આવે છે તો તેમને તેવું નિર્દોષજ્ઞાન કેમ થયું તે પ્રશનના પ્રત્યુત્તર રૂપ નામ કહે છે.

અનાદિ-બ્રહ્મચારિણેનમઃ।।૩૦।।

અનાદિ બ્રહ્મચારી શ્રીકૃષ્ણને પ્રણામ. આમ નિર્દોષ જ્ઞાન થવાથી હવે ફલજ્ઞાન થવું જોઈએ. માટે ફલ પ્રકરણની શરૂઆત દર્શાવતું નામ કહે છેઃ

કન્દર્પ-કોટિ-લાવણ્યાયનમઃ।।૩૧।।

કરોડો કામદેવ સમાન જેમનું સૌન્દર્ય છે એવા વિભુને વન્દન. કોટિ કામદેવ સમાન કમનીય પ્રભુનું સ્વરૂપ શ્રુતિઓમાં ક્યાંયે સાંભળવામાં નથી આવતું છતાં તમે એમ કેમ કહો છો? એ શંકાને નિવારણ કરતું નામ નિવેદન કરે છે :

સર્વોપનિષત્-તાત્પર્ય-ગોચરાયનમઃ।।૩૨।।

સર્વ ઉપનિષદ્‌ના તાત્પર્ય રૂપે દષ્ટિગોચર થતા શ્રીકૃષ્ણને નમન.

ફલસ્વરૂપને જણાવનાર નામ કહે છે :

ગોપિકા-રમણાયનમઃ।।૩૩।।

ગોપિકાઓને રમાડનાર ભગવાનને અભિવન્દન. વિલમ્બને ન સહન કરતાં તે કાર્યને સાધવામાટે યોગમાયાનો આશ્રય કર્યો તેને સૂચિત કરતું નામ કહે છે :

સકલ-યોગાધિપતયેનમઃ।।૩૪।।

સર્વ યોગના અધિષ્ઠાતા યોગેશ્વરને નમસ્કાર. ભગવાને મન નવીન રચ્યું. લીલોપયોગી સર્વ સામગ્રી પણ નવી જ રચી, તેમ કામ પણ નવીન જ પ્રકટ કર્યો તે નામ કહે છે :

અલૌકિક-પૂર્ણ-કામ-જનકાયનમઃ।।૩૫।।

અલૌકિક પૂર્ણકામને ઉત્પન્ન કરનાર શ્રીકૃષ્ણને નમન. ભગવાન્‌ની રસરૂપતાનું નિરૂપણ કરીને તે રસનાં ઉદ્દીપક પણ પોતે જ છે એમ આશય પ્રકટ કરતું નામ જણાવે છે :

આશા-પૂરક-સત્યાત્મકામ-દીપકાયનમઃ।।૩૬।।

આશાને પુરનાર, સત્ય, આત્મરૂપ, કામના ઉદ્દીપક ચન્દ્રરૂપ શ્રીકૃષ્ણચન્દ્રને પ્રણામ. આવા ચન્દ્રને જોઈ વેણુનાદ કર્યો. તેનું ગાન સાંભળીને શ્રીગોપીજનો ત્યાં પધાર્યા તેનું સૂચક નામ દર્શાવે છે :

શૃંગાર-વિભાવાદિ-યુક્તાયનમઃ।।૩૭।।

શૃંગારરસના વિભાવાદિ ધર્મોથી યુક્ત વિભુને વન્દન. આમ કરવામાં પ્રથમ પતે જે પ્રતિજ્ઞા કરી હતી તે જ કારણરૂપ છે એમ કહે છે :

સત્યવાચેનમઃ।।૩૮।।

જેની વાણી સત્ય છે એવા પ્રભુને પ્રણામ. ગોપીજન પધાર્યા પછી ધર્મસૂચક નામ કહે છે :

કામોન્મત્ત-ગોપાંગના-મુક્તિ-દાત્રેનમઃ।।૩૯।।

કામમાં ઉન્મત્ત બનેલાં ગોપાંગનાઓને મુક્તિ આપનારને વન્દન. બ્રહ્મ પામ્યા પછી તેમના મનની અભિલાષા તેથી પણ અધિક ફળ મેળવવાની હતી તેવા અધિકારીની પરીક્ષા કરવા આગળ કહે છે :

મુક્ત્યધિક-ફલ-ગોપી-મનો-મોહકાયનમઃ ।।૪૦।।

મુક્તિથી અધિક ફલ સમ્બન્ધમાં ગોપીજનોનાં મનને મોહ કરનાર મદનમોહનને નમન. આ ગોપીજનો પૂર્ણ અધિકારવાન્ છે તે દર્શાવવા તેવું નામ જણાવે છે :

લોકવેદ-સર્વધર્મ-પરિત્યક્ત-ગોપીસેવિત-ચરણારવિન્દાયનમઃ ।।૪૧।।

લોક અને વેદ નો ત્યાગ કરનાર ગોપીજનોથી જેમનાં ચરણારવિન્દ સેવન કરાય છે એવા શ્રીકૃષ્ણ પ્રભુને નમસ્કાર. અન્તર્ગૃહમાં રૂંધાયેલા ગોપીજનોને પ્રભુના સન્નિધાનમાં પધારવામાં અન્તરાય હતો તે અન્તરાયને દૂર કરનાર નામ કહે છે :

ભક્ત-પ્રતિબન્ધ-નિવારકાયનમઃ ।।૪૨।।

ભક્તજનના પ્રતિબન્ધને નિવારણ કરનાર પ્રભુને પ્રણામ.

અલબ્ધ-રાસ-ગોપી-સદ્યોમુક્તિ-પ્રદાયકાયનમઃ ।।૪૩।।

જેમને રાસ પ્રાપ્ત થયો નથી તેવાં ગોપીજનોને સદ્ય મુક્તિ આપનાર મુકુન્દને વન્દન. પરીક્ષા પછી તે પણ રાસના મધ્યમાં સ્થિતિ કરનારા થયાં તે સૂચક નામ કહે છે :

પરીક્ષિત-ગોપવધૂ-સેવિત-ચરણાયનમઃ ।।૪૪।।

પરીક્ષા કરાયેલા ગોપાંગનાઓથી જેમના ચરણોનું સેવન થાય છે એવા શ્રીગોપીજનવલ્લભને અભિવન્દન. આ પ્રમાણે રમણ પ્રાપ્ત કર્યા પછીથી તેમને લૌકિક રીતે મદ અને માન થયાં. તેથી તેઓ પોતાને સર્વ સ્ત્રીઓમાં પરમ શ્રેષ્ઠ માનવા લાગ્યાં. તે માન મુકાવનાર નામનો નિર્દેશ કરે છે.

નિજજન-સ્મય-ધ્વંસન-સ્મિતાયનમઃ ।।૪૫।।

નિજ જનના ગર્વને ખંડન કરનાર મન્દહાસ્ય જેમનું છે એવા શ્રીમદનમોહનને નમન. અધિક અંશે શાન્ત કરવા અને પુનઃ અનુગ્રહ કરવા પ્રસન્નતા દર્શાવવા પોતે તિરોધાન થઈ ગયા તે સૂચક નામ કહે છે :

કાયિક-તિરોભાવિત-ગોપી-પુઞ્જાયનમઃ ।।૪૬।।

બાહ્યસ્વરૂપથી તિરોહિત થતાં ગોપીજનોને જેમણે વિરહભાવવાળા બનાવ્યાં તેવા શ્રીકૃષ્ણને પ્રણામ. એક સ્વામિનીજી નિર્દોષ હતા. તેમને સંગમાં લીધાં તે કહે છે :

રાધા-સહચરાયનમઃ ।।૪૭।।

રાધા સહિત ગમન કરનાર રાધાવલ્લભ પ્રભુને નમસ્કાર. તિરોધાન થયા પછી શ્રીગોપીજનોની અવસ્થા જણાવે છે :

વિરહવ્યાકુલગોપાંગનાન્વેષિતમાર્ગાયનમઃ ।।૪૮।।

વિયોગને કારણે વ્યાકુળ બનેલાં ગોપાંગનાઓદ્વારા જેમનો માર્ગ શોધવામાં આવી રહ્યો છે એવા શ્રીકૃષ્ણને નમસ્કાર. પોતાની સાથેના સહચરીને માન થયું તે કહે છે :

જ્ઞાન-તુલ્ય-ભક્ત-ભ્રાન્તિ-જનકાયનમઃ ।।૪૯।।

રાધાસહચરિજીને પણ શ્રેષ્ઠતાનું જ્ઞાન થતાં અભિમાન આવતાં તેઓ પણ અન્યોના તુલ્ય બન્યાં. આવા ભક્તને ભ્રાન્તિ ઉત્પન્ન કરનાર પ્રભુને પ્રણામ. તેમના સામેથી પણ પ્રભુ અન્તર્ધાન થયા. તે પણ અન્ય ગોપીજનોની માફક મૂર્છા પામ્યાં. આ સ્થિતિમાં પોતાના ભક્તોનું જીવન ટકી રહે તે માટે સમીપમાં આટલામાં જ ક્યાંક પ્રભુ છે એવો એમને બોધ કરાવ્યો તે નામ જણાવે છે :

નિકટ-સ્થિતિ-બોધકાયનમઃ ।।૫૦।।

સમીપમાંજ મારી સ્થિતિ છે એમ બોધ કરાવનારને વન્દન. પોતાના દોષને દૂર કરવા ગુણગાન એ જ એક સાધન છે એમ જાણીને ગુણગાન કરવા લાગ્યાંઃ

ગોપી-વર્ણિત-નિખિલ-ગુણાયનમઃ ।।૫૧।।

શ્રીગોપીજનોએ જેમનાં સકલ ગુણો ગાયા છે એવા શ્રીગોપીજનવલ્લભને અભિવન્દન. ગાન કરવા છતાંય શુદ્ધિ ન થઈ તે સૂચવતું નામ કહે છે :

ભક્ત-શુદ્ધિ-વિલમ્બનાયનમઃ ।।૫૨।।

ભક્તોની શુદ્ધિમાં વિલમ્બ કરનાર શ્રીહરિને નમસ્કાર. સર્વ સાધનથી હીન થયાં ત્યારે દીનતા પ્રાપ્ત થઈ એટલે રુદન કરવા લાગ્યાં. ત્યારે પ્રભુ તેમના મધ્યમાં આવિર્ભાવ પામ્યા-પ્રકટ થયા તે કહે છે :

દીન-કૃપા-પ્રકટિત-રૂપાયનમઃ ।।૫૩।।

દીન ઉપર કૃપા કરીને જેમણે પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું છે એવા શ્રીગોકુલચન્દ્રને નમન. જેમ શરીર પ્રાણ આવવાથી જાગ્રત થાય છે તેમ પ્રભુના મનથી જ સર્વનું અભ્યુત્થાન થયું, મન પણ પ્રસન્ન બન્યું તે દર્શાવે છે :

સર્વ-મનો-નયનાહ્‌લાદકાયનમઃ॥૫૪॥

સર્વના મન અને નયનો ને પ્રસન્ન કરનાર પ્રભુને પ્રણામ. આગળ સન્દેહ દૂર કરવા પ્રશ્ન કર્યો તે કહે છે :

ગોપિકા-વાક્ય-વિચારકાયનમઃ॥૫૫॥

શ્રીગોપિકાઓનાં વાક્યોને વિચારનાર વિભુને વન્દન. પ્રથમ બધાની વ્યવસ્થા કહીને પોતાની સર્વથી ભિન્ન જ વ્યવસ્થા છે તે ''નાહં તુ સખ્યઃ'' હે સખીઓ! હું તો તેમાંનો કોઈ પણ પ્રકારનો નથી પણ સર્વથી ભિન્ન છું -શ્લોકાનુસાર નામનો નિર્દેષ કરે છે :

સર્વધર્મ-નિર્ધારકાયનમઃ॥૫૬॥

સર્વ ધર્મને અત્યન્ત ધારણ કરનાર ભગવાનને અભિવન્દન. ''મયા પરોક્ષ ભજતા'' એ શ્લોકના ભાવને દર્શાવતું નામ કહે છે :

સર્વરસાભિજ્ઞાયનમઃ॥૫૭॥

સર્વ રસમાં અભિજ્ઞ-સર્વથા જ્ઞાનવાન્ ભગવાનને નમન.

રાસમંડલાડનેકરૂપાયનમઃ॥૫૮॥

રાસમંડલમાં અનેક રૂપધારી રાસબિહારી શ્રીહરિને નમસ્કાર. આ પ્રમાણે નૃત્ય વગેરેથી પૂર્ણ રસ ઉછળવા લાગ્યો. સર્વ ગોપીજનોમાં પ્રત્યેકની સાથે રમણીય રમણ કર્યું તે નામ દર્શાવે છે :

ઉદ્દીપ્ત-કામરસ-પૂરકાયનમઃ॥૫૯॥

ઉદ્દીપન પામેલા કામરસને પૂર્ણ કરનાર રસિકેશ્વરને પ્રણામ. મહાસુરતમાં મર્યાદા ન રહી તેનું નામ કહે છે :

અતિક્રાન્ત-મર્યાદાયનમઃ॥૬૦॥

મર્યાદાને અતિક્રમણ કરનાર શ્રીહરિને વન્દન. શ્રીગોપીજનોના ઉદ્દીપ્ત કામની પૂર્તિ થઈ ગઈ એટલે તેઓમાં દીનતા આવી તેનું જ્ઞાપન કરનાર નામ કહે છે :

ભક્તદૈન્ય-નિવારકાયનમઃ॥૬૧॥

ભક્તજનનાં દૈન્યને નિવારણ કરનાર ગોપીપ્રિય ભગવાનને અભિવન્દન. શ્રમ નિવારણ કરવા જલક્રીડા કરી તેનું સૂચન કરતાં જણાવે છે:

યમુના-કીર્તિ-જનકાયનમઃ॥૬૨॥

શ્રીયમુનાજીની કીર્તિને ઉત્પન્ન કરનાર યમુનાવિહારીને પ્રણામ. શ્રીગોપીજનોનો ફલ સહિત નિરોધ બતાવી જેમનો નિરોધ નથી થયો તેમનો નિરોધ કરવો આવશ્યક છે તે સૂચવતું નામ નિવેદન કરે છે :

સુદર્શન-મોચકાયનમઃ॥૬૩॥

'સુદર્શન' નામક ભક્તને મુક્ત કરનાર મુકુન્દને નમસ્કાર. હવે બલદેવજી સહિત રાસલીલા કરી તેનું સૂચક નામ કહે છે :

બલદેવાભીષ્ટ-દાત્રેનમઃ॥૬૪॥

શ્રીબલદેવજીને અત્યન્ત ઇષ્ટ વસ્તુનું દાન કરનાર બલદેવાનુજને નમન. પ્રવૃત્તિ દોષરૂપ હોવાથી તેમાં દૈત્યનું આગમન થયું. તેનો વધ કરીને તેને પણ નિર્દુષ્ટ બનાવી તેનું સૂચક નામ કહે છે :

શંખચૂડ-ઘાતકાયનમઃ॥૬૫॥

'શંખચૂડ' નામના દૈત્યનો ઘાત કરનાર પ્રભુને પ્રણામ. નિવૃત્તરૂપ નામલીલાને સૂચન કરનાર કહે છે :

ગોપીક્લેશ-નાશક-ગુણાર્ણવાયનમઃ॥૬૬॥

શ્રીગોપીજનોનાં ક્લેશને નાશ કરનાર ગુણના સાગરરૂપ પ્રભુને વન્દન. સ્વરૂપનું કાર્ય ગુણોથી કેમ થાય? તે સન્દેહ શાન્ત કરતું નામ કહે છે :

સ્વસમાન-ગુણાયનમઃ॥૬૭॥

જેમના ગુણો પણ સ્વરૂપ સમાન છે તેવા ભગવાનને અભિવન્દન. ભગવાનનાં ગુણો અનન્ત અને અગાધ છે. તેમાં કેવા ગુણોનું ગાન દિવસે ગોપીજનો કરતાં હતાં તે દર્શાવે છે :

સર્વવશીકરણ-દ્વાદશવિધ-ચરિત્રાયનમઃ॥૬૮॥

સર્વને વશ કરનાર બાર પ્રકારનાં ચરિત્ર જેમનાં છે એવા નન્દનન્દનને વન્દન. અહીં સુધી ફલ પ્રકરણનાં નામો કહ્યાં. તેમાં નિવૃત્તિરૂપ ભજનમાર્ગ

પ્રકટ કર્યો જેથી સર્વ વ્રજભક્ત સર્વ લૌકિક-વૈદિક ધર્મનો પરિત્યાગ કરી ભગવત્પરાયણ થઈ ગયા.

હવે ૩૩ મા અધ્યાય (ત્રણ પ્રક્ષિપ્ત અધ્યાય બાદ કરતા) થી આરમ્ભી રાજસ પ્રકરણનાં નામોનું નિરૂપણ કરે છે. પ્રથમ આ પ્રકરણમાં પ્રદ્યુમ્નરૂપ ભગવાન જે વસુદેવના સુત છે એમણે વંશવૃદ્ધિરૂપ સૃષ્ટિનું કાર્ય રાજસલીલાથી કર્યું. તેથી રાજભક્તો સમ્બન્ધવાન્ અને અસમ્બન્ધવાન્ એમ બે પ્રકારનાં છે. એ સર્વનો નિરોધ ચાર પ્રકરણથી કર્યો. પ્રકરણના પ્રારમ્ભમાં રાજસલીલા કરવામાટે પ્રવૃત્તિરૂપ કર્મમાર્ગ સ્પષ્ટ કરેલો છે. તેમાં લૌકિક અરિષ્ટ-વિઘ્ન ઉપસ્થિત થાય તો કર્મમાર્ગની પ્રવૃત્તિ થઈ શકે નહિ માટે વિઘ્નરૂપ દૈત્યનો નાશ કર્યો તે નામ કહે છે :

વૃષભાસુર-વિધ્વંસિનેનમઃ।।૬૯।।

વૃષભાસુર દૈત્યનો વિનાશ કરનાર વાસુદેવને નમસ્કાર. અરિષ્ટના વધ પછી ગોકુલમાં બલભદ્ર સહિત પ્રવેશ કર્યાનું કથન છે. તેથી પ્રમાણયુક્ત ક્રિયાશક્તિ સહિત આપ શ્રીગોપીજનોનાં નયનોને ઉત્સવરૂપ થયા, એટલે તે વ્રજાઙ્ગનાઓનાં નેત્રકમળોનાં તારા રૂપ થયા. આ પ્રમાણે તેમનો નિરોધ સિદ્ધ થયો હોવાથી આ પ્રકટ કરેલા સ્વરૂપનું પ્રયોજન નથી એમ વિચારી રાજસલીલા કરવાની ઇચ્છા પ્રભુને છે એમ જાણી નારદજીએ કંસને સર્વ વસ્તુસ્થિતિનો બોધ કર્યો તેનું જ્ઞાપન કરનાર નામ પ્રકટ કરે છે:

નારદાદિ-બોધિતાક્લિષ્ટ-કર્મણેનમઃ।।૭૦।।

નારદજીએ આદિથી લઈને સર્વ કર્મ જેમનાં વર્ણવ્યા છે એવા ભગવાનને નમન. નારદજીનું કથન સાંભળી કંસરાજાને અત્યન્ત દુર્બુદ્ધિ ઉત્પન્ન થઈ અને વસુદેવને મારવા પ્રવૃત્ત થયો. ત્યારે નારદજીએ તેને રોક્યો. ભગવાનની ઇચ્છા જ એમ હોવાથી રોકાયો. નહિ તો નારદજીનું કથન તે માન્ય જ ન કરે એવો તે દુરાગ્રહી હતો. તે વૃત્તાન્તનું સૂચક નામ સૂચવે છે :

દુષ્ટ-દુર્બુદ્ધિ-નાશ-હેતવેનમઃ।।૭૧।।

દુષ્ટની દુર્બુદ્ધિને નાશ કરવાના કારણરૂપ દેવકીનન્દનને અભિવન્દન. દુર્બુદ્ધિ દૂર કરી વસુદેવને બન્દીખાને નાંખવાનું જ્ઞાન ઉત્પન્ન કર્યું તે આશયને સ્ફુટ કરનાર નામ દર્શાવે છે :

શિષ્ટ-જ્ઞાનદીપકાયનમઃ।।૭૨।।

શિષ્ટ જ્ઞાનના દીપકરૂપ પ્રભુને પ્રણામ.

કેશ્યાદિ-મહાદુષ્ટ-નિબર્હણાયનમઃ।।૭૩।।

કેશી આદિ મહાદુષ્ટ દૈત્યોનો નાશ કરનાર કૃષ્ણને નમન. આ પ્રમાણે વ્રજનું સર્વ કાર્ય સમ્પન્ન થયું એટલે નારદજી વ્રજમાં આવ્યા. તેનું બોધક નામ જણાવે છે :

નારદાદિ-વન્દિત-ચરણાયનમઃ।।૭૪।।

નારદજી વડે પ્રથમ વન્દન કરાયાં છે ચરણો જેમનાં એવા શ્રીયશોદાનન્દનને વન્દન. એક દિવસે પ્રભુ વિના ગોપ બાલકો જ વનમાં ગયા. ત્યાં ચોર અને ચોરપાલની ક્રીડા કરતાં વ્યોમાસુર આવ્યો. તેને માર્યો તે નામ જણાવે છે :

વ્યોમાદિ-દુષ્ટ-પીડિત-ગોપ-ગોપી-રક્ષકાયનમઃ।।૭૫।।

વ્યોમાસુરે પ્રથમ દોષયુક્ત કરી પીડેલા ગોપ અને ગોપીજનો નું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણને નમન. શ્રીમદ્ગોકુલમાં ફલરૂપ-માનસી સેવારૂપ સદ્ભક્તિ સ્થાપન કરવાની છે તેથી અક્રૂરજીના આગમનનું નિરૂપણ કરે છે:

સદ્ભક્તિહેતવેનમઃ।।૭૬।।

સદ્ભક્તિના હેતુરૂપ ભગવાનને નમસ્કાર. અક્રૂરજીના નિરોધનું જ્ઞાપન કરનાર નામ કહે છે :

અક્રૂરાદિ-ભક્ત-મનોરથ-પરિપૂરકાયનમઃ।।૭૭।।

અક્રૂર આદિ ભક્તના મનોરથને પરિપૂર્ણ કરનાર પ્રભુને પ્રણામ. અક્રૂરજીને ભગવત્પ્રાપ્તિ થઈ. તેમને બલદેવ સહિત પોતાના ગૃહમાં લઈ ગયા. અનેકવિધ સત્કાર કરી અત્યન્ત માન આપ્યું. એટલે તેમણે કંસનું સર્વવૃત્તાન્ત જણાવ્યું. તે સાંભળી નન્દાદિગોપોને મથુરા નગરના ઉત્સવનું દર્શન કરવા કાલે જઈશું એમ આજ્ઞા કરી તે નામ કહે છે :

નન્દાદિ-ગોપ-મથુરાગમનોત્સવ-હેતવેનમઃ।।૭૮।।

નન્દાદિ ગોપોને મથુરા જવાના હેતુરૂપ નન્દકિશોરને નમસ્કાર. અહીં સુધી તામસ ભક્તોનો નિરોધ જેમ કરવો જોઈએ તેમ કર્યો. હવે આગળ રાજસ

ભક્તોનો નિરોધ કરવાને તેમનાં દુઃખ દૂર કરવામાટે શ્રીકૃષ્ણ કાલાત્મારૂપે થયા છે. એમ બન્ને જણ પણ શત્રુના વીરોનો વિનાશ કરવા તે-તે કાર્યને અનુકૂલ થઈ ગયા. મૂલમાં કહ્યું છે કે ''શ્રુત્વાક્રૂરવચઃ કૃષ્ણઃ'' અક્રૂરજીનું વચન શ્રવણ કરી પરવીરોને હણનાર શ્રીકૃષ્ણ અને બલદેવે હાસ્ય કરી રાજાની ગુપ્ત આજ્ઞા પિતાને જણાવી તે આશય સ્પષ્ટ કરતું નામ જણાવે છે :

ભક્તદુઃખ-મૂલોચ્છેદકાયનમઃ।।૭૯।।

ભક્તોના દુઃખના મૂલરૂપ કંસનો ઉચ્છેદ કરનારને વન્દન. મથુરામાં જવાનો નિશ્ચય થયા પછી ગોપાંગનાઓને અત્યન્ત દુઃખ થવા લાગ્યું. મહાન્ દીનતા સિદ્ધ થઈ તેને સૂચન કરતું નામ કહે છે :

ગોપિકા-મનઃકાર્પણ્ય-શીલ-હેતવેનમઃ।।૮૦।।

ગોપિકાઓનાં મનની દીનતાના કારણરૂપ ભગવાનને વન્દન. આવી અવસ્થામાં ગોપીજનોનું જીવન કેમ ટક્યું? તે દર્શાવે છે :

ગોપિકા-વિરહ-નાશક-વાક્ય-પુંજાયનમઃ।।૮૧।।

ગોપિકાઓના વિરહને વિનાશ કરનારાં વાક્યો જેમનાં છે એવા શ્રીમથુરેશપ્રભુને પ્રણામ. ત્યાર પછી રથ ઉપર બેસી આગળ પધાર્યા. યમુનાજીના કિનારા પર જલપાનાદિ કરીને આપ રથપર વિરાજમાન થયા. જ્યારે અક્રૂરજી સ્નાન કરવા તત્પર થતાં તેમને જલમાં ભગવાનનું દર્શન થયું ત્યારે સન્દેહ થયો. તે સન્દેહને પ્રભુએ દૂર કર્યો તે જણાવે છે :

ભક્ત-સંશયચ્છેદકાયનમઃ।।૮૨।।

ભક્તના સંશયને છેદનાર ભગવાનને નમસ્કાર. કેવું સ્વરૂપ દર્શાવી સંશય દૂર કર્યો તે દર્શાવે છે :

વ્યાપિવૈકુંઠ-વાસિનેનમઃ।।૮૩।।

વ્યાપિ વૈકુંઠમાં વસનાર શેષશાયી વિષ્ણુને નમન. તેવા પ્રભુના દર્શનથી અક્રૂરજીએ જેવી સ્તુતિ કરી તેવું નામ કહે છે :

અક્રૂરાદિ-ભક્તસ્તુતાનન્ત-ગુણાયનમઃ।।૮૪।।

અક્રૂર વગેરે ભક્તજનોએ સ્તુતિ કર્યા છે અનન્તગુણો જેમનાં એવા પ્રભુને પ્રણામ. કંસની પ્રેરણાથી બોલાવવા આવેલ અક્રૂરને આવું અલૌકિક

દર્શન કેમ થયું? ભગવાનેપણ કેમ દર્શન આપ્યું? તે જણાવે છેઃ

સત્યપ્રતિજ્ઞાયનમઃ।।૮૫।।

સત્યપ્રતિજ્ઞા જેમની છે એવા ભગવાનને અભિવન્દન. ઉત્તરમાં જે જણાવ્યું તેનું સૂચન કરનાર નામ કહે છે :

સ્વગુણ-પ્રતિબોધકાયનમઃ।।૮૬।।

પોતાના ગુણોનો પ્રતિબોધ કરનાર ભગવાનને વન્દન. અક્રૂરજીને સમજાવીને વિદાય કર્યા. પોતે મથુરાનું દર્શન કરવા ઉત્સુક થયા તે આશયને સૂચવતું નામ કહે છે :

મથુરા-દર્શનોત્સુકાયનમઃ।।૮૭।।

મથુરાને જોવામાં ઉત્સુક ભગવાનને નમસ્કાર. પ્રભુ સર્વ સાધન સહિતજ પધારે છે તેથી ભગવાન્ કૃષ્ણ એ પદને સૂચવનાર નામ કહે છેઃ

સ્વાધાર-વૈકુંઠ-સ્થાપકાયનમઃ।।૮૮।।

પોતાના આધારરૂપ વૈકુંઠને સ્થાપન કરનાર ભગવાન્ કૃષ્ણને નમન. આનન્દનો અનુભવ કરવામાટે અલૌકિક કારણની પણ અપેક્ષા છે. તેથી તેનું સૂચક નામ જણાવે છે :

પૌર-પુરન્ધ્રી-પુણ્ય-જનકાયનમઃ।।૮૯।।

પુરજનોની પતિવ્રતા સ્ત્રીઓના ભાગ્યને ઉત્પન્ન કરનાર મથુરેશ્વરને નમસ્કાર. જેમને ભગવાન્માં ભાવ છે તેમની સ્થિતિ ઉપર કહી. પણ જેમનાં હૃદયમાં દુષ્ટતા છે તેમને શું થાય છે? તે કહે છે :

રજકાદિ-દુષ્ટ-નાશકાયનમઃ।।૯૦।।

ધોબી આદિ દુષ્ટનો નાશ કરનાર પ્રભુને પ્રણામ.

વસ્ત્રાદ્યનેકાકલ્પ-ભૂષિત-રૂપાયનમઃ।।૯૧।।

વસ્ત્ર વગેરે અનેક સાધનોથી સુશોભિત સ્વરૂપવાન્ કૃષ્ણને વન્દન. પછી સુદામા માળીને ઘેર પધાર્યા. તેણે પણ પ્રભુને સારી રીતે શોભાવ્યા તે દર્શાવે છે :

વાયક-સુદામ-ભક્તાલંકૃતાયનમઃ।।૯૨।।

વાયક અને સુદામા એ ભક્તોવડે અલંકૃત થયેલા કૃષ્ણને વન્દન. પછી

પ્રસન્ન થયેલા ભગવાને જેણે જે માગ્યું તે આપ્યું તેનું સૂચક નામ કહે છે:

અત્યુદારાયનમઃ।।૯૩।।

અત્યન્ત ઉદાર એવા શ્રીહરિને નમસ્કાર. આગળ ચાલતાં કુબ્જા આવી તે નામ દર્શાવે છે :

કુબ્જાનુલેપાલંકૃતાયનમઃ।।૯૪।।

કુબ્જાના ચન્દનથી અલંકૃત પ્રભુને નમન. તે પછી કુબ્જાનો દોષ દૂર કરીને ફલા પ્રાપ્તિમાટે ઉપયોગી ગુણોનું તેને દાન કર્યું તેનું સૂચક નામ કહે છે :

કુબ્જાદિ-ભક્ત-સહજ-દોષ-દૂરીકરણાયનમઃ।।૯૫।।

કુબ્જ-વક્રતા વગેરે ભક્તોના સહજ દોષોને દૂર કરનાર પ્રભુને પ્રણામ.

સ્વલીલૌપયિક-રૂપાભિવ્યઞ્જકાયનમઃ।।૯૬।।

સ્વલીલામાં ઉપયુક્ત રૂપને પ્રકાશ કરનાર પ્રભુને વન્દન. તે પછી કુબ્જાને વરદાન કરીને રાજમાર્ગે પસાર થતાં પ્રભુ મથુરાવાસીઓને ઉત્સવરૂપ થયા તેનું સૂચક નામ કહે છે :

મથુરા-મહોત્સવાયનમઃ।।૯૭।।

મથુરાના મહોત્સવરૂપ ભગવાનને અભિવન્દન. આ પ્રમાણે સર્વનો નિરોધ કર્યો તે કહે છે :

દૈત્યધર્મ-નિવારકાયનમઃ।।૯૮।।

દૈત્યપણાના ધર્મનું નિવારણ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. હવે બાહ્ય દૈત્યધર્મોનો પણ નાશ કરવો જોઈએ તેથી આપે ધનુષનો ભંગ કર્યો તેને સૂચન કરનાર નામ કહે છે :

ધનુર્ભંગ-બોધિત-કાલાયનમઃ।।૯૯।।

ધનુષ્યના ભંગથી કાલનો બોધ કરનાર કૃષ્ણને નમન. ત્યાર બાદ કંસના રક્ષકો યુદ્ધ કરવામાટે તત્પર બન્યાં. તેઓની સહાયતામાટે કંસે સૈન્ય મોકલ્યું. તે સર્વેનો ભગવાને ધનુષના ટુકડાથી ક્ષણવારમાં વધ કર્યો તેનું સૂચક નામ કહે છે :

અતિસામર્થ્ય-બોધિતાક્લિષ્ટ-કર્મ-ચરિત્રાયનમઃ।।૧૦૦।।

અત્યન્ત સામર્થ્યમાં પણ અક્લિષ્ટ કર્મ જણાવ્યું છે જેમણે એવા ચરિત્રવાળા પ્રભુને પ્રણામ. ધનુષ્યના ભાંગવાના સમાચાર જાણીને કંસ ભયભીત બન્યો. તેને જાગતાં સૂતાં અપશુકન અને દુઃસ્વપનો થવા લાગ્યાં. આ વિષયક નામ કહે છે :

મૃત્યુધર્મ-બોધકાયનમઃ।।૧૦૧।।

મૃત્યુધર્મનો બોધ કરનાર ભગવાનને વન્દન. રાત્રિ જતાં પ્રાતઃકાલમાં કંસ રાજાએ મલ્લક્રીડાને જોવામાટે નગર નિવાસીઓ વગેરે સર્વને આમન્ત્રણ આપ્યા. ત્યારે ભગવાન્ પણ તે રંગમંડપમાં મલ્લલીલાનું નિરીક્ષણ કરવા પધાર્યા. તે સમયે રંગદ્વાર આગળ કુવલયાપીડ નામનો મદોન્મત્ત હાથી ઉભો હતો. બલરામ-કષ્ણે તેને માર્યો તે કહે છે :

કુવલયાપીડ-ઘાતકાયનમઃ।।૧૦૨।।

કુવલયાપીડનો વધ કરનાર ભગવાનને અભિવન્દન.

ગજદન્ત-વરાયુધાયનમઃ।।૧૦૩।।

હાથીના દાંતનું સુંદર આયુધવાળા કંસરિપુને નમસ્કાર. જો કે આ સમયે પ્રભુએ વીરરસ પ્રકટ કર્યો હતો. સમ્ભવિત પણ તે જ રસ હોઈ શકે, છતાં ભગવાન્ તો અક્લિષ્ટકર્મા છે. લીલામાત્રમાં જ સર્વ સિદ્ધ કરે તેમ છે. તેથી તે સર્વને આનન્દકારક જ દેખાવા લાગ્યા. તેવા આશયનું નામ જણાવે છે :

નિખિલજન-મનો-નયનાહ્લાદકાયનમઃ।।૧૦૪।।

સર્વ મનુષ્યોનાં મન-આંખોને આનન્દ આપનાર કૃષ્ણને નમન. જેમનો જેવો અધિકાર હતો તેઓએ સર્વરસાત્મક પ્રભુને નિરખ્યા તે જણાવે છે:

સર્વરસાવિર્ભાવકાયનમઃ।।૧૦૫।।

સર્વરસના આવિર્ભાવવાળા રસાત્મક શ્રીકૃષ્ણને વન્દન. સ્ત્રીજનોએ મૂર્તિમાન કામદેવરૂપે નિરખ્યા. આવા પ્રસંગે પણ તેમને પ્રત્યક્ષ કામરૂપ દૃષ્ટિગોચર થાય એમ કેમ બન્યું? તે કહે છે :

નિખિલ-કામિની-પ્રેમાવલોકિતાયનમઃ।।૧૦૬।।

સકલ કામિનીઓથી પ્રેમપૂર્વક નિરખાતા શ્રીગોપીજનવલ્લભને અભિવન્દન. હવે દૈત્યોને મારવાજ જોઈએ એમ માની તે પ્રમાણે દર્શાવે છે:

ચાણૂરાદિ-મહામલ્લ-દૈત્ય-ગર્વ-નિબર્હણાયનમઃ।।૧૦૭।।

ચાણૂર આદિ મહામલ્લરૂપ દૈત્યોના ગર્વનો સંહાર કરનાર કૃષ્ણને પ્રણામ.

કંસઘાતકાયનમઃ।।૧૦૮।।

કંસનો ઘાત કરનાર કૃષ્ણને નમન. દુષ્ટોને વિદારણ કરી ભક્તનાં દુઃખોને દૂર કર્યા તેનું સૂચન કરે છે :

વસુદેવ-દેવકી-દુઃખ-વિદારકાયનમઃ।।૧૦૯।।

વસુદેવ અને દેવકીજી નાં દુઃખને વિદારણ કરનાર શ્રીહરિને નમસ્કાર. પ્રભુએ પોતાનું યદુપતિપણું પ્રકટ કર્યું તે નામ પ્રકટ કરે છે :

યદુકુલ-નલિની-વિકાશકાયનમઃ।।૧૧૦।।

યદુકુલ રૂપી કમળને ખીલાવનાર સૂર્ય સમાન યદુપતિને વન્દન. કાલાત્મક ભગવાનના પધારવાથી લૌકિક કાલધર્મો શાન્ત થઈ ગયા તેનું જ્ઞાપન કરનાર આ નામ દર્શાવે છે :

કાલદુઃખ-નિવારકાયનમઃ।।૧૧૧।।

કાલના દુઃખોનું નિવારણ કરનાર ભગવાનને અભિવન્દન. હવે વસુદેવજીએ પ્રભુના પ્રાકટ્યથી આરમ્ભી અત્યાર સુધીમાં સંસ્કાર કરવામાં પુણ્યદાન વગેરે પ્રત્યક્ષ કંઈ પણ કર્યું નહોતું. તે સર્વ દાનાદિક પુત્રોનો ઉપનયન સંસ્કાર કરીને તે પ્રસંગમાં સમ્પન્ન કર્યું તે જણાવે છે :

પ્રદર્શિત-સદાચારાયનમઃ।।૧૧૨।।

સદાચારને ઉત્તમ પ્રકારે દર્શાવનાર પ્રભુને પ્રણામ. દ્વિજત્વ સંસ્કાર થયા પછી વેદાધ્યયન કરવું વિધિથી પ્રાપ્ત છે. પછી ધનુર્વિદ્યા અને ત્યાર પછી ગુરુદક્ષિણા આપવી જોઈએ. તો તે નામ કહે છે :

સાન્દીપનિ-મૃતાપત્ય-દાત્રેનમઃ।।૧૧૩।।

સાન્દીપનિના મરેલા બાલકને આપનાર કૃષ્ણને નમન. ત્યાર પછી મથુરામાં પધારી પોતાના સર્વ બન્ધુજનોનાં દુઃખોને દૂર કરવા જોઈએ-તેમની સંભાળ લેવી જોઈએ. માટે પ્રથમ નન્દાદિકોના મનનું સમાધાન કરવા ઉદ્ધવને મોકલ્યા તે જણાવે છે :

નન્દાદિ-જ્ઞાનબોધકાયનમઃ।।૧૧૪।।

નન્દાદિકોને જ્ઞાનનો બોધ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. એ પ્રમાણે યશોદાજીને પણ અલૌકિકભાવ થયો. પણ તેમનો સ્નેહરસ નિરન્તર કાયમ જ રહ્યો તે સૂચવે છે :

યશોદા-સ્નેહ-રક્ષકાયનમઃ।।૧૧૫।।

યશોદાના સ્નેહનું સંરક્ષણ કરનાર ભગવાનને વન્દન. ગોપિકાઓનું પણ સમાધાન કર્યું તે કહે છે :

ગોપિકાદિ-લૌકિક-ભાવદોષ-દૂરીકરણાયનમઃ।।૧૧૬।।

ગોપિકા વગેરેને પ્રથમ જ લૌકિક ભાવ હતો તેને દૂર કરનાર પ્રભુને પ્રણામ. વ્રજભક્તોને ઉપદેશ આપવાને બહાને ઉદ્ધવજીને પણ ઉપદેશ કર્યો તે કહે છે :

ઉદ્ધવાદિ-મધ્યમભાવ-બોધકાયનમઃ।।૧૧૭।।

ઉદ્ધવાદિ ભક્તોના મધ્યમ-હીનભાવને જણાવનારા કૃષ્ણને નમન. ઉપદેશના ફલનું સૂચક નામ નિવેદન કરે છે :

સ્વનિષ્ઠ-મનોદોષ-નાશકાયનમઃ।।૧૧૮।।

પોતાનામાં રહેલા મનના દોષને નાશ કરનાર શ્રીહરિને નમસ્કાર. આમ મુખ્ય ભક્તોનું સાન્ત્વન કરી રાજસ હોવાથી પ્રથમ કુબ્જાનું સાન્ત્વન કરે છે. તે નામ જણાવે છે :

કુબ્જાદિ-મનોરથ-પૂરકાયનમઃ।।૧૧૯।।

કુબ્જા આદિના મનોરથ પૂર્ણ કરનાર ભગવાનને વન્દન.

અક્રૂરાદિ-ભક્ત-સન્માન-હેતવેનમઃ।।૧૨૦।।

અક્રૂરાદિક ભક્તોના સન્માનના કારણરૂપ કૃષ્ણને અભિવન્દન. ઉપરના નામમાં ‘આદિ’ પદ છે. તેથી અન્ય ભક્તોનું સન્માન પણ આવી જાય છે. જેથી તેવું નામ કહે છે :

ભક્ત-હિત-ચિન્તકાયનમઃ।।૧૨૧।।

ભક્તોના હિતનું ચિન્તન કરનાર પ્રભુને પ્રણામ. આવા વિચારથી પાંડવોની સ્થિતિ થઈ તે જણાવે છે :

પાંડવ-સ્થાપકાયનમઃ।।૧૨૨।।

પાંડવોને સ્થાપન કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. આ પછી ભિન્ન પ્રકારે કુન્તીજીને શાન્ત કર્યા તેનું સૂચક નામ કહે છે :

કુન્તી-પ્રીતિ-હેતવેનમઃ।।૧૨૩।।

કુન્તાજીની પ્રીતિના કારણરૂપ કૃષ્ણ ભગવાનને નમન. સાન્ત્વન કરવા માત્રથી શત્રુએ કરેલું દુઃખ શાન્ત થતું નથી તેવું નામ કહે છે :

પ્રૌઢ-લીલાવબોધકાયનમઃ।।૧૨૪।।

પ્રૌઢલીલા જ્ઞાપન કરનાર ભગવાનને અભિવન્દન. સ્તુતિ કરવામાં આવતાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક શરણ પ્રાપ્ત કરવાથી પ્રભુ સર્વ પ્રકારે પોતાના જનનું પરિપાલન કરે છે તેનો નિર્દેશ કરે છે :

ભક્તપક્ષ-બોધકાયનમઃ।।૧૨૫।।

ભક્તના પક્ષને બોધન કરનાર શ્રીકૃષ્ણને વન્દન. આ પ્રમાણે ભક્તોનું સાન્ત્વન કરીને ધૃતરાષ્ટ્રને બોધ આપે છે :

ધૃતરાષ્ટ્ર-જ્ઞાન-બોધકાયનમઃ।।૧૨૬।।

ધૃતરાષ્ટ્રને જ્ઞાનનો બોધ કરનાર પ્રભુને પ્રણામ. ઈશ્વરે ઉપદેશેલા ધર્મ-અધર્મના વિવેકજ્ઞાનનો પરિત્યાગ કરીને તેવી અસમાન ભાવની પ્રવૃત્તિ કેમ થાય? તે કહે છે :

ઇચ્છા-વાદ-સ્થાપકાયનમઃ।।૧૨૭।।

ઇચ્છાવાદનું સ્થાપન કરનાર ભગવાનને નમસ્કાર. જો કે સર્વ વસ્તુમાં સર્વ ઠેકાણે ઈશ્વરેચ્છા જ નિયામક થાય છે. તો પણ શાસ્ત્રના જ્ઞાનથી ભગવાનનું જ્ઞાન થવા છતાં પ્રવૃત્તિ કેમ થતી નથી? તેનું સૂચન કરનાર નામ કહે છે :

માયા-પ્રવર્તકાયનમઃ।।૧૨૮।।

માયાને પ્રવર્તાવનાર પ્રભુને નમન.

સર્વાભિવન્દિત-ચરણારવિન્દાયનમઃ।।૧૨૯।।

સર્વથી અભિવન્દન કરાય છે ચરણારવિન્દ જેમના એવા ભગવાનને અભિવન્દન.

હવે પ્રૌઢલીલાના નામનો ઉપસંહાર કરે છે :

એવં શ્રીકૃષ્ણનામાનિ પ્રૌઢલીલાવબોધને ।
કીર્તિતાન્યતિપુણ્યાનિ શતં વિંશતિરષ્ટ ચ ।।૧।।

અર્થ : આ પ્રમાણે પ્રૌઢલીલાનું બોધન કરવામાં અર્થાત્ પ્રૌઢલીલાનો ઉપદેશ કરનારા, સમજાવનારાં શ્રીકૃષ્ણના એકસો અઠ્ઠાવીસ પવિત્ર નામોને કીર્તન કહ્યાં.

।।ઇતિ પ્રૌઢલીલા નામાનિ।।

।। અથ રાજલીલાનામાનિ ।।

અતઃ પરં પ્રવક્ષ્યામિ રાજલીલામ્ ઉપાશ્રિતઃ ।।
કૃતવાન્ યાનિ કર્માણિ તાનિ નામાનિ મુક્તયે ।।૧।।

અર્થ :હવે પછી રાજલીલાનો આશ્રય કરીને શ્રીકૃષ્ણે જે-જે કર્મો કર્યાં તે-તે કર્મોને પ્રકાશ કરનારાં નામોને મુક્તિ પ્રાપ્ત કરવામાટે તે-તે અધિકારના ભેદથી આનન્દ મેળવવામાટે હું કહું છું ।।૧।।

ક્ષાત્ર-ધર્મ-પ્રવર્તકાય નમઃ ।।૧।।

ક્ષત્રિયના ધર્મને પ્રવર્તાવનાર પ્રભુને પ્રણામ. ‘‘અસ્તિ પ્રાપ્તિશ્ચ કંસસ્ય’’ એ શ્લોકથી આરંભી ‘‘વિરામાયાપ્યધર્મસ્ય’’ એ શ્લોક સુધીના આશયને જણાવનાર આ નામ છે :

દ્વિવ્ય-યુદ્ધ-વિશારદાય નમઃ ।।૨।।

દ્વિવ્ય યુદ્ધ કરવામાં ચતુર એવા શ્રીકૃષ્ણને નમસ્કાર. દ્વિવ્ય યુદ્ધમાં કરેલા કાર્યનું નિરૂપક નામ કહે છે :

જરાસન્ધ-સમાનીત-સૈન્ય-ઘાતકાય નમઃ ।।૩।।

જરાસન્ધે આણેલાં સૈન્યોનો ઘાત કરનાર કૃષ્ણને નમન.

દ્વારકા-પુર-નિર્માણ-હેતવે નમઃ ।।૪।।

દ્વારકાપુરના નિર્માણ કરવાના કારણરૂપ શ્રીકૃષ્ણ પ્રભુને પ્રણામ. દ્વારકાપુર જેવું સુન્દર સ્થાન મળવાથી ભક્તોને અભૂતપૂર્વ સુખ થયું તે કહે છે :

ભક્તાચિન્ત્ય-સુખ-દાત્રે નમઃ ।।૫।।

ભક્તોને અચિન્ત્ય સુખનું દાન કરનાર ભગવાનને વન્દન. હવે પછી દ્વિતીયાધ્યાયનું પ્રથમ નામ કહે છે :

યવનાન્તકાય નમઃ ।।૬।।

કાલયવનનો અન્ત કરનાર વિભુને અભિવન્દન.

મુચુકુન્દ-પ્રસાદકાય નમ ।।૭।।

મુચુકુન્દ ઉપર અનુગ્રહ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. હવે પછી તૃતીયાધ્યાયનું નામ કહે છે :

સર્વદેવતા-મનોરથ-પૂરકાય નમઃ ।।૮।।

સર્વ દેવોના મનોરથ પૂર્ણ કરનાર શ્રીકૃષ્ણને નમન. સમર્થ ઈશ્વર હોવા છતાં તેમણે જરાસન્ધથી પલાયન કેમ કર્યું? તેનું કારણ દર્શાવતું નામ કહે છે :

શિવ-બ્રાહ્મણ-વાક્ય-પરિપાલકાય નમઃ ।।૯।।

શિવ અને બ્રાહ્મણોના વાક્યોનું પરિપાલન કરનારને પ્રણામ.

દૈત્ય-મોહન-ચરિત્રાય નમઃ ।।૧૦।।

દૈત્યને મોહ ઉત્પન્ન કરાવતા ચરિત્રવાળા કૃષ્ણને વન્દન.

રુક્મિણી-મનોરથ-પૂરકાય નમઃ ।।૧૧।।

રુક્મિણીના મનોરથને પૂર્ણ કરનાર વિભુને વન્દન.

રુક્મિણી-ગાન્ધર્વ-વિવાહાય નમઃ ।।૧૨।।

રુક્મિણીએ ગાન્ધર્વવિવાહ કર્યો છે એવા કૃષ્ણને નમસ્કાર.

રુક્મિણી-પ્રાણપતયે નમઃ ।।૧૩।।

રુક્મિણીના પ્રાણોના પતિ શ્રીકૃષ્ણને નમન.

રુક્મિ-પ્રભૃતિ-દુષ્ટ-માનસ-દુઃખદાય નમઃ ।।૧૪।।

રુક્મી વગેરે દુષ્ટોના મનને દુઃખ આપનાર પ્રભુને પ્રણામ. ભગવાને રુક્મિણીને દ્વારકા લાવી વિધિપૂર્વક વિવાહ કર્યો તેનું દ્યોતન કરનાર નામ કહે છે :

રુક્મિણી-વિવાહ-પ્રદર્શિત-ગૃહસ્થ-ધર્માય નમઃ ।।૧૫।।

રુક્મિણીનો વિવાહ કરીને ગૃહસ્થધર્મને દર્શાવનારને વન્દન. રુક્મિણીનું હરણ કર્યું તે રાક્ષસ વિવાહ, ત્યાર પછી ગન્ધર્વ વિવાહ કર્યો. પરન્તુ વેદોક્ત વિદિ પ્રમાણે વિવાહ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ગૃહસ્થાશ્રમના ધર્મોનું પાલન કેમ કરી શકાય? વળી તે વિના પોતાના વંશમાં તેમજ તેનું ઉદાહરણ લઈને લોકો પણ જો તેનું અનુસરણ કરે તો લોકમાં પણ સર્વત્ર ધર્મનો ઉચ્છેદ થાય તેથી ત્રીજો વિવાહ વેદોક્ત વિધિથી કર્યા તે જણાવે છે:

ત્રિવિધ-વિવાહ-કર્ત્રે નમઃ ।।૧૬।।

ત્રણ પ્રકારે વિવાહ કરનાર રુક્મિણી વલ્લભને અભિનન્દન. અહીં સુધીમાં ઉત્તરાર્ધના પાંચ અધ્યાય પૂરા થાય. હવે છઠ્ઠા અધ્યાયનાં નામોનું નિરૂપણ કરે છે :

કામ-જનકાય નમઃ ।।૧૭।।

કામને ઉત્પન્ન કરનાર કામપિતાને નમન.

શમ્બર-ઘાતક-પ્રદ્યુમ્નાય નમઃ ।।૧૮।।

શમ્બરાસુરનો ઘાત કરનાર પ્રદ્યુમ્નને નમસ્કાર. સપ્તમાધ્યાયનાં નામ કહે છે :

જામ્બવતી-પ્રાણપતયે નમઃ ।।૧૯।।

જામ્બવતીના પ્રાણોના પતિને પ્રણામ. મણિ આણવાના કારણને જણાવનાર નામ કહે છે :

લોક-નિર્મિત-સર્વાર્થ-જ્ઞાપકાય નમઃ ।।૨૦।।

લોકોએ નિર્માણ કરેલા સર્વઅર્થને જણાવનાર શ્રીકૃષ્ણને વન્દન.

સત્યભામા-વલ્લભાય નમઃ ।।૨૧।।

સત્યભામાના વલ્લભ શ્રીદ્વારકાધીશ પ્રભુને વન્દન. અવે આઠમા અધ્યાયના નામો કહે છે :

સત્રાજિત્-સ્વર્ગ-હેતવે નમઃ ।।૨૨।।

સત્રાજિતને સ્વર્ગ પ્રાપ્ત કરાવનાર કૃષ્ણને નમન.

સ્યમન્તક-મણિ-હર્ત્રે નમઃ ।।૨૩।।

સ્યમન્તકમણિનું હરણ કરનાર શ્રીહરિને નમસ્કાર.

શુદ્ધ-કીર્તિ-સ્થાપકાય નમઃ ।।૨૪।।

શુદ્ધ કીર્તિનું સ્થાપન કરનાર પુણ્યશ્લોક પ્રભુને પ્રણામ.

અક્રૂરાદિ-ભક્ત-દ્વેષ-નિવારકાય નમઃ ।।૨૫।।

અક્રૂરઆદિ ભક્તોના દ્વેષને દૂર કરનાર વાસુદેવને અભિવન્દન. હવે ઉત્તરાર્ધના નવમા અધ્યાયનાં વિદ્યારૂપ પંચવિવાહનું નિરૂપણ કરે છે :

કાલિન્દી-પતયે નમઃ ।।૨૬।।

કાલિન્દીના પતિ ભગવાનને વન્દન.

પાંડવ-રાજ્ય-સ્થાપકાય નમઃ ।।૨૭।।

પાંડવોના રાજ્યને સ્થાપન કરનાર પ્રભુને નમસ્કાર.

મિત્રવિન્દા-પતયે નમઃ ।।૨૮।।

મિત્રવિન્દાના પતિને નમન.

સત્યા-પતયે નમઃ ।।૨૯।।

સત્યાના પતિ પ્રભુને નમન.

ભદ્રા-પતયે નમઃ ।।૩૦।।

ભદ્રાના પતિને પ્રણામ.

લક્ષ્મણા-પતયે નમઃ ।।૩૧।।

લક્ષ્મણાના પતિને પ્રણામ.

રોહીણી-પતયે નમઃ ।।૩૨।।

રોહીણીના પતિ કૃષ્ણચન્દ્રને વન્દન.

ષોડશ-સહસ્ર-નાયિકાધિપતયે નમઃ ।।૩૩।।

સોળ હજાર નાયિકાઓના અધિપતિ પ્રભુને પ્રણામ.

મુરારયે નમઃ ।।૩૪।।

'મુર' નામના અસુરના શત્રુ મુરારિને વન્દન.

નરકાન્તકાય નમઃ ।।૩૫।।

નરકાસુરનો અન્ત કરનાર ભગવાનને અભિવદન.

વસુધા-પૂજિત-ચરણાય નમઃ ।।૩૬।।

પૃથ્વીએ પૂજ્યા છે ચરણો જેમનાં એવા ભગવાનને નમસ્કાર. ભૌમાસુરના પુત્રને અભય આપી તેનું રાજ્ય તેને સોપ્યું. તે સમયે ત્યાંના સર્વ પ્રજાજનોને સુખરૂપ થયા તેવું નામ કહે છે :

સર્વજનીન-સુખ-હેતવે નમઃ ।।૩૭।।

સર્વજનમાત્રને સુખના હેતુરૂપ ભગવાનને નમન. દ્વારકામાં દિવ્ય સુખ

પણ પ્રભુએ કર્યું છે તે નામ કહે છે :

પારિજાતાપહરણાય નમઃ ।।૩૮।।

પારિજાતનું અપહરણ કરનારને વન્દન.

મહેન્દ્રાદિ-દુષ્ટબુદ્ધિ-નિવારકાય નમઃ ।।૩૯।।

મહેન્દ્ર વગેરેની દુષ્ટબુદ્ધિનું નિવારણ કરનાર કૃષ્ણને અભિવન્દન. પારિજાતતો ઉપલક્ષણ છે. વસ્તુતઃ તો ત્રિલોકમાં જેટલા પણ ઉત્તમ પદાર્થો છે તેને પ્રત્યેક ઘરમાં સ્થાપિત કર્યા તે કહે છે :

સર્વરત્નકોશાદિ-પૂરિત-ગૃહાય નમઃ ।।૪૦।।

સર્વ રત્નના ભંડારોથી ભરપુર ગૃહોવાળા પ્રભુને પ્રણામ. ઉત્તરાર્ધના અગીયારમાં અધ્યાયનાં બે નામો કહે છે :

રુક્મિણ્યાદિ-સ્ત્રી-મનઃપરીક્ષકાય નમઃ ।।૪૧।।

રુક્મિણી આદિ સ્ત્રીઓનાં મનની પરીક્ષા કરનારને વંદન. કયા પ્રકારે પરીક્ષા કરી તે જણાવનારું નામ કહે છે :

લૌકિક-લીલા-વાક્ય-વિશારદાય નમઃ ।।૪૨।।

લૌકિક લીલાઓનાં વાક્યોમાં પરમચતુર શ્રીકૃષ્ણને નમન. હવે ઉત્તરાર્ધના બારમા અધ્યાયના નામો કહે છે. શ્રુતિવાક્યને સત્ય કરવાને પ્રત્યેક પત્નીઓમાં દશ પુત્રો પ્રકટ કર્યાં તેવું નામ કહે છે :

શ્રુત્યર્થ-પ્રતિપાદક-દશાદશ-પુત્રાય નમઃ ।।૪૩।।

શ્રુતિના અર્થને પ્રતિપાદન કરે તેમ દશ-દશ પુત્રો જેમને છે એવા ભગવાનને વન્દન.

કલિધર્મ-પ્રતિપાદક-વંશાદિ-કર્ત્રે નમઃ ।।૪૪।।

કલિધર્મનું પ્રતિપાદન કરે તેવા વંશ આદિને કરનારને પ્રણામ. હવે તેરમા અધ્યાયને છોડીને ચૌદમાં અધ્યાયનાં નામોનું નિરૂપણ કરે છે. અહીં રાજસ જીવોના નિરોધમાટે લીલા કહી છે. તે ચૌદમાં અધ્યાય સુધી જ છે. તેમાં પ્રથમ આ નામ દર્શાવે છે :

બાણાસુર-બલાન્ત-કર્ત્રે નમઃ ।।૪૫।।

બાણાસુરના બલનો અન્ત કરનાર ભગવાનને વન્દન. મહાદેવ પ્રભુના ભક્ત છે. રામ અને કૃષ્ણ ના સમ્બન્ધી છે. તેમનું પોતાના સ્વામી સાથેનું

યુદ્ધ અયોગ્ય છે. તો પણ પોતાના ભક્ત બાણાસુરનું પ્રિય કરવાને તેનો સ્વીકાર કર્યો. કારણ કે જ્યારે તેનો ગર્વ ઉતરી જાય ત્યારે તેનું પ્રભુ આગળ સમ્માન થાય. તેના કરેલા સ્વસમ્માનના હેતુ પણ પોતે જ થયા તેવું સૂચન કરતું નામ જણાવે છે :

મહાદેવાદિ-સમ્માન-હેતવે નમઃ ।।૪૬।।

મહાદેવ આદિના સમ્માનના કારણરૂપ શ્રીકૃષ્ણને વંદન. જ્યારે જ્વરે કંઈ પણ નિર્ભયસ્થાન જોયું નહિ ત્યારે સર્વથી નિર્ભય એવા ભગવાનને જ શરણે ગયો. તેમની સ્તુતિ કરી ભગવાનનું સમ્માન કર્યું. તેથી જ્વરનો નાશ ન થયો. કિન્તુ પ્રભુના ચરણનું શરણ સ્વીકારવાથી સન્માનને પામ્યો. તેવું નામ સૂચન કરે છે :

જ્વરાદિ-દોષ-નાશકાય નમઃ ।।૪૭।।

જ્વર આદિના દોષોને નાશ કરનાર નારાયણને નમન. આગળ પોતાના ભક્તનું અનિષ્ટ ન થાય માટે શંકરે પણ ભગવાનની પ્રાર્થના કરી ત્યારે ભગવાને પ્રસન્ન થઈ તેમની સ્તુતિનું સન્માન કરી તેમના ભક્ત બલિરાજાને નહિ મારતાં રક્ષા કરી. તે આશયનું નામ દર્શાવે છે.

પ્રહ્‌લાદાદિ-ભક્તવંશ-રક્ષકાય નમઃ ।।૪૮।।

પ્રહ્‌લાદ આદિ ભક્તોના વંશનું રક્ષણ કરનાર પ્રભુને પ્રણામ. સાત્વિક પ્રકરણના આરમ્ભમાં ૧૫ મા અધ્યાયના નામોનું નિરૂપણ કરે છેઃ

દાનાદિધર્મ-બોધકાય નમઃ ।।૪૯।।

દાન આદિ ધર્મનો બોધ કરનાર ભગવાનને વન્દન.

નૃગ-મોક્ષ-હેતવે નમઃ ।।૫૦।।

નૃગરાજાને મોક્ષ આપનાર ભગવાનને અભિવન્દન. ત્યાર પછી પોતાના યદુકુમારોને શિક્ષણ આપ્યું તેને દ્યોતન કરનાર નામને ઉપદેશે છે :

બ્રહ્મણ્યાય નમઃ ।।૫૧।।

બ્રહ્મમાં નિષ્ઠા રાખનાર શ્રીકૃષ્ણને નમન. ઉત્તરાર્ધના ૧૬ મા અધ્યાયના નામો કહે છે :

પુષ્ટિમાર્ગ-પ્રવર્તકાય નમઃ ।।૫૨।।

પુષ્ટિમાર્ગને પ્રવર્તાવનાર પ્રભુને પ્રણામ. પુષ્ટિ સૂચક બીજું નામ ::

યમુના-કર્ષણ-હેતવે નમઃ ।।૫૩।।

યમુનાને આકર્ષણ કરવાના કારણરૂપ કૃષ્ણને નમસ્કાર. સત્તરમા અધ્યાયના નામોનું નિરૂપણ કરે છે :

સ્પર્ધાદિ-દુષ્ટ-વિમોચકાય નમઃ ।।૫૪।।

સ્પર્ધા આદિથી દુષ્ટ થયેલાઓને વિશેષ રીતે મુક્ત કરનાર મુકુંદને વન્દન.

પૌણ્ડ્રક-કાશી-રાજ-હન્ત્રે નમઃ ।।૫૫।।

પૌણ્ડ્રક અને કાશીરાજ ને હણનાર શ્રીહરિને અભિવન્દન.

દેવતાન્તર-વર-દપ્ત-ગર્વ-નાશકાય નમઃ ।।૫૬।।

અન્ય દેવના વરદાનથી ગર્વિષ્ટ થયેલાના ગર્વનો નાશ કરનાર કૃષ્ણને નમન.

કાશી-દાહકાય નમઃ ।।૫૭।।

કાશી નગરને દાહ કરનાર પ્રભુને પ્રણામ.

દુષ્ટ-નિવાસ-દોષ-નાશકાય નમઃ ।।૫૮।।

દુષ્ટના નિવાસ દોષને નાશ કરનાર નારાયણને નમસ્કાર.

મુક્તિ-હેતવે નમઃ ।।૫૯।।

મુક્તિના કારણરૂપ મુકુન્દને વન્દન. ૧૮મા અધ્યાયાના નામ કહે છે.

દુઃસંગ-દપ્ત-દ્વિવિદાદિ-વધ-હેતવે નમઃ ।।૬૦।।

દુષ્ટના સંગથી ગર્વિષ્ટ થયેલા દ્વિવિદ આદિના વધના કારણરૂપ ભગવાનને અભિવન્દન. ૧૯ મા અધ્યાયના નામોને નિરૂપણ કરે છે. પૂર્વના અધ્યાયમાં દુષ્ટને નિવારણ કરવાના લક્ષણરૂપ ચરિત્ર કહ્યું. આ અધ્યાયમાં શિષ્ટ પુરુષોને શિક્ષણ આપવા રૂપ ચરિત્ર કથન કરે છે. જો કે બલભદ્રે કરેલું આ ચરિત્ર છે. છતાં આવેશરૂપે પોતે જ કરે છે. માટે આ ભગવચ્ચરિત્ર જ છે. તેનું સૂચન કરનાર નામ દર્શાવે છે :

રાજ્યાદિ-દપ્ત-કૌરવ-ગર્વ-નાશકાય નમઃ ।।૬૧।।

રાજ્ય આદિને લીધે ગર્વિષ્ટ થયેલા કૌરવોના ગર્વને નાશ કરનાર શ્રીહરિને નમન. ૨૦ મા અધ્યાયના નામો જણાવે છે. તેમાં સાત્વિક ભક્તોમાં મુખ્ય નારદનો નિરોધ કરવાનો છે. નારદ મર્યાદાભક્તિમાર્ગીય હોવાથી તેમનો

નિરોધ ભિન્ન પ્રકારનો છે. એટલા જ માટે મર્યાદામાર્ગના મોહમાં લીન થયેલા નારદ પ્રભુની પરીક્ષા કરવાને પ્રવૃત્ત થયા. પ્રભુએ તેમને પોતાના સ્વરૂપનું ભાન કરાવીને તેમનો અન્તરનો મોહ દૂર કર્યો તેનું જ્ઞાપન કરનાર નામ નિરૂપણ કરે છે :

મર્યાદાભક્તિ-દપ્ત-ભક્ત-મોહ-નાશકાય નમઃ ।।૬૨।।

મર્યાદાભક્તિથી ગર્વિષ્ટ બનેલા ભક્તના મોહને નાશ કરનાર પ્રભુને પ્રણામ.

જીવાધિકાર-શાસ્ત્ર-ગર્વ-નાશકાય નમઃ ।।૬૩।।

જીવના અધિકાર સમ્બન્ધી શાસ્ત્રના ગર્વને નાશ કરનાર ભગવાનને વન્દન. ૨૧ મા અધ્યાયનું નામ નિરૂપણ કરે છે :

સુધર્માલંકૃત-ચરણાય નમઃ ।।૬૪।।

'સુધર્મા' નામની સભામાં શોભાયમાન છે ચરણો જેમનાં એવા શ્રીકૃષ્ણને અભિવન્દન. પૂર્વમાં જે ભક્તો અલૌકિક પ્રકારથી નિરોધયુક્ત થયેલા જ હતા. પરન્તુ તે બહિર્દષ્ટિથી જરાસન્ધે બન્દીખાને નાખીને તેમનો નિરોધ (બન્ધન) કરેલો હતો. પ્રભુએ તે બન્ધનને દૂર કરીને તેમનો પોતાના તરફનો નિરોધ પૂર્ણ કરવો જોઈએ. તે નિરોધ તેમની અપેક્ષાથી જ થઈ શકે. માટે તે સૂચવતું નામ કહે છે :

ભક્તાપેક્ષાવભાસ-હેતવે નમઃ ।।૬૫।।

ભક્તોની અપેક્ષાને બહાર પ્રકાશ કરવાના કારણરૂપ શ્રીકૃષ્ણને નમન. રાજાઓની મુક્તિ અને યુધિષ્ઠિરના રાજસુય યજ્ઞની સિદ્ધિ એમ બન્નેમાંથી એક જ કાર્ય કરવું અશક્ય જેવું ભાસે છે તો હવે કેમ કરવું? એમ ભગવાન્ ઉદ્ધવજીને હાસ્યપૂર્વક પૂછવા લાગ્યા. તે સમ્બન્ધને દર્શાવતું નામ નિરૂપણ કરે છે :

ઉદ્ધવાદિ-બુદ્ધ્યાદિ-બુદ્ધ્યનુસારિણે નમઃ ।।૬૬।।

ઉદ્ધવ આદિની બુદ્ધિને અનુસરનારા ભગવાનને નમસ્કાર. ૨૨ મા અધ્યાયનું નામ દર્શાવે છે :

જીવ-ધર્માવબોધકાય નમઃ ।।૬૭।।

જીવધર્મનું અવબોધન-જ્ઞાપન કરનાર કૃષ્ણને પ્રણામ. ૨૩ મા

અધ્યાયનું નામ જણાવે છે :

હીન-ધર્માવલમ્બન-જીવકાર્ય-કર્ત્રે નમઃ ।।૬૮।।

હીન ધર્મનું અવલમ્બન કરીને જીવોનું કાર્ય કરનાર ભગવાનને વન્દન. ૨૪ મા અધ્યાયનાં નામ કથન કરે છે :

ભક્તજ્ઞાન-હેતવે નમઃ ।।૬૯।।

ભક્તોના જ્ઞાનના હેતુરૂપ ભગવાનને અભિવન્દન.

પુષ્ટિ-નિમિત્ત-જ્ઞાપકાય નમઃ ।।૭૦।।

પુષ્ટિ-અનુગ્રહના નિમિત્તનું જ્ઞાન કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. ૨૫ મા અધ્યાયના નામોનું નિરૂપણ કરે છે :

રાજસૂયાદિ-પ્રવર્તકાય નમઃ ।।૭૧।।

રાજસૂય આદિને પ્રવર્તાવનાર પ્રભુને પ્રણામ. ભગવાનના પૂજનને નહિ સહન કરનાર શિશુપાલે અપરાધ કર્યો તે સમ્બન્ધનું નામ પ્રકટ કરે છે:

શિશુપાલાદિ-ભક્ત-વૈકુંઠ-પ્રાપ્તિ-હેતવે નમઃ ।।૭૨।।

શિશુપાલ આદિ ભક્તને વૈકુંઠ પ્રાપ્તિના કારણરૂપ કૃષ્ણને નમન. ૨૬ મા અધ્યાયનું નામ કહે છે :

દુર્યોધનાદિ-દુષ્ટ-માન-ભંગ-હેતવે નમઃ ।।૭૩।।

દુર્યોધન આદિ દુષ્ટોના માનભંગ થવાના કારણ રૂપ ભગવાનને નમસ્કાર. ભગવાનને મૌન રાખવાનું બીજું પણ કારણ હતું તે જ્ઞાપન કરનાર નામનો નિર્દેષ કરે છે :

યુધિષ્ઠિરાદિ-ભક્ત-ગર્વ-નાશકાય નમઃ ।।૭૪।।

યુધિષ્ઠિર આદિ ભક્તોના ગર્વનો નાશ કરનાર વિભુને વન્દન. ૨૭ મા અધ્યાયનું નામ જણાવે છે :

પ્રદ્યુમ્નાદિ-યાદવ-ગર્વ-પ્રહારકાય નમઃ ।।૭૫।।

પ્રદ્યુમ્ન આદિ યાદવોના ગર્વને નાશ કરનાર ભગવાનને અભિવન્દન. ૨૮ મા અધ્યાયના નામોનું નિરૂપણ કરે છે :

તપસ્યાદિ-દપ્ત-શાલ્વાદિ-ઘાતકાય નમઃ ।।૭૬।।

તપશ્ચર્યા કરીને ગર્વિષ્ટ બનેલા શાલ્વ વગેરેનો ઘાત કરનાર પ્રભુને પ્રણામ.

પુણ્યાદિ-હીન-ધર્મ-જ્ઞાપન-હેતવે નમઃ ।।૭૭।।

પુણ્ય આદિથી હીન એવા ધર્મનું જ્ઞાપન કરવાના કારણરૂપ શ્રીકૃષ્ણને નમન. સિદ્ધાન્તને સૂચન કરનાર આગળનું નામ જણાવે છે :

મુખ્ય-સિદ્ધાન્ત-પ્રવર્તકાય નમઃ ।।૭૮।।

મુખ્યસિદ્ધાન્તને પ્રવર્તાવનાર પરમેશ્વરને નમસ્કાર. ૨૯ મા અધ્યાયના નામો દર્શાવે છે :

દન્તવક્ત્ર-વિદૂરથાદિ-મુક્તિ-હેતવે નમઃ ।।૭૯।।

દન્તવક્ત્ર, વિદૂરથ આદિની મુક્તિના કારણરૂપ વિભુને વન્દન. જરાસન્ધના ઉદ્યમથી આરમ્ભી વિદૂરથના વધ પર્યન્ત ક્ષત્રિય ધર્મના નામનો ઉપસંહાર કરવામાં આવેલો છે તેનું સૂચન કરે છે :

ક્ષત્રિય-ધર્મ-નાટ્યોપસંહારકાય નમઃ ।।૮૦।।

ક્ષત્રિય ધર્મ સમ્બન્ધી નાટ્યનો ઉપસંહાર કરનાર શ્રીહરિને અભિવન્દન. હવે પછી યુદ્ધ નહિ કરેલું હોવાથી તેનું નામ દર્શાવે છે :

ન્યસ્ત-શસ્ત્રાય નમઃ ।।૮૧।।

શસ્ત્રનો પરિત્યાગ કરનાર પ્રભુને પ્રણામ. આગળ પોતાના આવેશથી અર્થાત્ પ્રત્યક્ષ નહિ પરન્તુ બીજાદ્વારા આવિર્ભાવ પામીને ચરિત્ર કર્યું તેવાં નામ કહે છે :

બલદેવ-તીર્થયાત્રા-પ્રવર્તકાય નમઃ ।।૮૨।।

બલદેવજીને તીર્થયાત્રામાં પ્રવૃત્ત કરાવનારા કૃષ્ણને નમન. તીર્થસેવન કરવા ગયેલા તેઓ સત્વર આવે તો પણ ભૂમિના ભારને હરણ કરવામાં વિઘ્ન ઉપસ્થિત થાય માટે સૂત-પુરાણીના વધના નિમિત્તથી પુનઃ તીર્થયાત્રા તેમને કરવી પડી તે દર્શાવે છે :

સૂત-ઘાતકાય નમઃ ।।૮૩।।

સૂત-પુરાણીનો ઘાત કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. તીર્થયાત્રા થતાં સુધીમાં કૌરવોના યુદ્ધનો આરમ્ભ થઈ ગયો તેને સૂચન કરતું નામ કહે છેઃ

પાર્થ-સારથયે નમઃ ।।૮૪।।

અર્જુનના સારથિ એવા ભગવાનને અભિવન્દન.

અવ્યક્ત-ગીતામૃત-મહોદધિ-પ્રવર્તકાય નમઃ ।।૮૫।।

વ્યક્ત ન કરી શકાય તેવા ગીતામૃતના મહાસાગરને પ્રવર્તાવનાર પ્રભુને પ્રણામ. આ પ્રમાણે ઉપદેશ આપીને યુદ્ધ કરાવ્યું તે દ્યોતન કરનાર નામનો નિર્દેશ કરે છે :

કૌરવ-બલાન્ત-કર્ત્રે નમઃ ।।૮૬।।

કૌરવોના બલનો અન્ત કરનાર વિભુને વન્દન. જો બલદેવજી યુદ્ધની ઉપેક્ષા કરીને દ્વારકા ન પધાર્યા હોત તો ભીમ-દુર્યોધનના ગદાયુદ્ધમાં પક્ષપાત્ થાત. તે સમ્બન્ધિ નામ કહે છે :

ઇતર-પક્ષપાત-નાશકાય નમઃ ।।૮૭।।

દુર્યોધનદ્વારા થનારા પક્ષપાતનો નાશ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર. ૩૧ મા અધ્યાયનું નામ જણાવે છે :

સુદામા-રંક-ભાર્યાર્થ-ભૂમ્યાનીતેન્દ્ર-વૈભવાય નમઃ ।।૮૮।।

સુદામાની રંક ભાર્યાને માટે ભૂમિ ઉપર ઇન્દ્રના વૈભવને લાવનાર ભગવાનને નમન. ૩૨ અધ્યાયનું નામ કહે છે :

હેતુસ્થાપકાય નમઃ ।।૮૯।।

પોતાના હેતુને સ્થાપન કરનાર પ્રભુને પ્રણામ. ૩૩ અધ્યાયનાં નામોનું નિરૂપણ કરે છે :

દેશ-કાલાદિ-ધર્મ-હેત્વનુસારિણે નમઃ ।।૯૦।।

દેશકાલઆદિ ધર્મના કારણને અનુસરનાર વિભુને વન્દન. આવી તીર્થયાત્રાના પ્રસંગમાં સર્વને પરમ આનન્દકારક ઉત્સવ થાય છે. તેનું સૂચન કરનાર નામ કહે છે :

યાત્રોત્સવ-પ્રવર્તકાય નમઃ ।।૯૧।।

યાત્રાના ઉત્સવને પ્રવર્તાવનાર ભગવાનને અભિવન્દન. યાત્રામાં બીજા પણ અનેક જનો આવેલા હતા. તેમને પોતાનું દર્શન આપીને આનન્દ કરનાર થયા તેનું નામ કહે છે :

અખિલ-નયનામૃતાબ્ધિ-પૂરકાય નમઃ ।।૯૨।।

સર્વનાં નેત્રોમાં અમૃતસાગરને પૂર્ણ કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર.

ગોપિકાદિ-સાક્ષાત્કાર-હેતવે નમઃ ।।૯૩।।

ગોપિકાઓને સાક્ષાત્કારના કરાવનાર શ્રીકૃષ્ણને નમન. ૩૪

અધ્યાયનું નામ કહે છે :

રુક્મિણ્યાદિ-ભક્તિ-સ્થાપકાય નમઃ ।।૯૪।।

રુક્મિણી આદિ પટરાણીઓમાં ભક્તિનું સ્થાપન કરનાર પ્રભુને પ્રણામ. ૩૫ અધ્યાયનાં નામ કહે છે :

સન્માર્ગ-સ્થાપકાય નમઃ ।।૯૫।।

સન્માર્ગનું સ્થાપન કરનાર શ્રીવાસુદેવને વન્દન.

વસિષ્ઠાદિ-સેવિત-ચરણાય નમઃ ।।૯૬।।

વસિષ્ઠ આદિથી જેમનાં ચરણોનું સેવન થાય છે એવા ભગવાનને અભિવન્દન.

વસુદેવ-મહોત્સવ-કર્ત્રે નમઃ ।।૯૭।।

વસુદેવના યજ્ઞમહોત્સવને કરનાર વાસુદેવને વન્દન. સાત્વિક પ્રકરણની સમાપ્તિ થઈ. હવે ગુણ પ્રકરણનો આરમ્ભ કરે છે. ૩૬ અધ્યાયનાં નામોનું નિરૂપણ કરે છે :

વસુદેવ-જ્ઞાન-બોધકાય નમઃ ।।૯૮।।

વસુદેવને જ્ઞાનનો બોધ કરનાર શ્રીકૃષ્ણને નમન. આ રીતે વસુદેવજીને અખંડાદ્વૈત જ્ઞાનનો ઉપદેશ કરીને દેવકી માતાના પણ મનના તાપને દૂર કરવો જોઈએ માટે તેનું સૂચન કરે છે :

દેવકી-મનઃપીડાપનોદકાય નમઃ ।।૯૯।।

દેવકીજીના મનની પીડાને દૂર કરનાર દેવકીનન્દનને નમસ્કાર. ત્યાર પછી સુતલમાં પ્રવેશ કર્યો તેનું સૂચક નામ જણાવે છે :

દેવાદિ-ભક્તશાપાદિ-દ્વેષ-નાશકાય નમઃ ।।૧૦૦।।

બ્રહ્માજીએ ભક્તોને આપેલ શાપનો નાશ કરનાર પ્રભુને પ્રણામ.

દેવકી-મૃતાપત્ય-દાત્રે નમઃ ।।૧૦૧।।

શ્રીદેવકીજીને મરણ પામેલા બાલકોનું દાન કરનાર દેવકીનન્દનને વન્દન. પુત્રના દર્શનવડે તેમના સ્નેહથી ઉત્પન્ન થયેલો માતૃધર્મ પ્રકટ્યો. તેવા નામનું સૂચન કરે છે :

દેવકી-સ્તનન્ધયાય નમઃ ।।૧૦૨।।

શ્રીદેવકીજીનાં સ્તનોને ધાવનાર ભગવાનને અભિવન્દન. તેમને કેવલ સ્તનપાન થયું એટલું જ નહિ પરન્તુ તેના સ્પર્શમાત્રથી જ અપૂર્વ સુખ અનિર્વચનીય આનન્દ ઉત્પન્ન થયો તેવા ભાવનું નિરૂપણ કરે છે :

ભક્તાચિન્ત્ય-સુખ-દાત્રે નમઃ ।।૧૦૩।।

ભક્તને અચિન્ત્યસુખનું દાન કરનાર શ્રીકૃષ્ણને નમન. ૨૭ અધ્યાયનાં નામ નિરૂપણ કરે છે :

સુભદ્રા-વિવાહ-હેતવે નમઃ ।।૧૦૪।।

સુભદ્રાના વિવાહના હેતુ રૂપ ભગવાનને નમસ્કાર. જેમ ભગવાને પોતાના ભક્ત અર્જુનને પ્રસન્ન કરવા પોતાની બેન પણ તેમને આપી, તેમ અન્ય માર્ગથી જ્ઞાનમાર્ગદ્વારા પરમ ભક્ત થયેલા શ્રુતદેવ અને જનક રાજા ને પ્રસન્ન કરવા પોતે સકલ મહર્ષિગણ સહિત તેમને ત્યાં પધાર્યા. માનરહિત પ્રભુ પોતાના ભક્તજનને અત્યન્ત માન આપનાર છે. ‘‘અમાની માનદઃ’’ એમ તેથી જ મહાભારતમાં વિષ્ણુસહસ્રનામમાં આપનું સ્તવન કર્યું છે. એ પ્રસંગને અનુસરતું નામ દર્શાવે છે :

જનકાદિ-જ્ઞાનિ-મનોરથ-પૂરકાય નમઃ ।।૧૦૫।।

જનક આદિ જ્ઞાનીઓનાં મનોરથ પૂર્ણ કરનાર પ્રભુને પ્રણામ. જનકરાજાની પેઠે શ્રુતદેવ બ્રાહ્મણ ઉપર તેવો જ અનુગ્રહ કર્યો તેમ નિરૂપણ કરે છે :

શ્રુતદેવાદ્યુપાસક-સન્માર્ગ-બોધકાય નમઃ ।।૧૦૬।।

શ્રુતદેવ આદિ ઉપાસકોને સન્માર્ગનો બોધ કરનાર ભગવાનને વન્દન. ૩૮ મા અધ્યાયનાં નામ નિરૂપણ કરે છે :

અખિલ-નિગમ-નિજજન-સંસ્તુતાય નમઃ ।।૧૦૭।।

સર્વ વેદ એવા નિજજનોથી સ્તુતિ કરાતા ભગવાનને અભિવન્દન. સર્વને અગમ્ય પ્રભુ છે એમ પ્રતિપાદન કરે છે :

સર્વાગમ્ય-સ્વરૂપાય નમઃ ।।૧૦૮।।

સર્વને અગમ્ય જેમનું સ્વરૂપ છે એવા વિભુને નમસ્કાર. ભગવાન્ જે જણાવે તે જ શ્રુતિવડે જાણી શકાય છે. શ્રુતિએ તે કેવા પ્રકારે નિરૂપણ કર્યું છે તે જણાવે છે :

ઐશ્વર્યાદિ-ષડ્ધર્મ-સ્થાપકાય નમઃ ।।૧૦૯।।

ઐશ્વર્ય આદિ ષટ્ ધર્મનું સ્થાપન કરનાર ભગવાનને નમન. ૩૯ મા અધ્યાયનાં નામ કહે છે :

ભક્તદુષ્ટ-વૈભવ-નાશકાય નમઃ ।।૧૧૦।।

ભક્તના દુષ્ટ વૈભવનો નાશ કરનાર પ્રભુને પ્રણામ.

ભક્તસંકટ-નિવારકાય નમઃ ।।૧૧૧।।

ભક્તોના સંકટનું નિવારણ કરનાર શ્રીવસુદેવને વન્દન.

વૃકાદિ-દુષ્ટઘાતકાય નમઃ ।।૧૧૨।।

વૃક આદિ દુષ્ટનો ઘાત કરનાર શ્રીભગવાનને અભિવન્દન. આ પ્રમાણે શંકરના સંકટને નિવારણ કરવાથી સર્વ દેવો તેમની સ્તુતિ કરવા લાગ્યા તે દર્શાવે છે:

બ્રહ્મશિવાદિ-વન્દિત-ચરણાય નમઃ ।।૧૧૩।।

બ્રહ્મા, શંકર આદિ દેવોવડે જેમના ચરણોનું વન્દન થાય છે તેવા પરમાત્મા શ્રીકૃષ્ણને નમસ્કાર. બીજું પણ પ્રભુના ઉત્કર્ષને જણાવનારું નામ કહે છે :

સર્વોત્કર્ષ-બોધકાયનમઃ।।૧૧૪।।

સર્વથી પણ શ્રેષ્ઠપણાનો બોધ કરનાર શ્રીહરિને નમન.

વિપ્ર-મૃતાપત્ય-દાત્રે નમઃ ।।૧૧૫।।

બ્રાહ્મણના મરેલા બાલકોને આપનાર શ્રીકૃષ્ણને પ્રણામ. અર્જુન પોતાને સર્વ કરતાં વિશેષ માનતા હતા. ભક્તના ગર્વનો ભગવાને પરિહાર કર્યો તે નામ કહે છે :

અર્જુનાદિ-ગર્વ-પ્રહારકાય નમઃ ।।૧૧૬।।

અર્જુન વગેરેના ગર્વને પ્રકર્ષ રીતે હરણ કરનાર ભગવાનને વન્દન. આ ધર્મને પ્રવર્તાવનાર પ્રભુ ભક્તજનોને આનન્દ પ્રકટ કરવા દ્વારકાના નાયક થઈને નિવાસ કરતાં તેમાં વિરાજમાન થયેલા છે તેનું સૂચક નામ દર્શાવે છે:

દ્વારિકા-નાયકાય નમઃ ।।૧૧૭।।

દ્વારિકાના નાયક શ્રીદ્વારકાધીશને પ્રણામ. દ્વારિકામાં નિવાસ કરતાં સર્વ યાદવ-પ્રજા માત્રના નાયક, અગ્રગણ્ય થઈને નાના પ્રકારના વિલાસોનું સેવન કર્યું તેવું નામ જણાવે છે :

નાના-વિલાસ-વિલસિત-સુખાબ્ધયે નમઃ ।।૧૧૮।।

વિવિધ પ્રકારના વિલાસોવડે શોભાયમાન સુખના સાગર રૂપ શ્રીકૃષ્ણને નમન. પ્રભુએ ચરિત્ર કરીને પોતાના જનોને પ્રપઞ્ચનું વિસ્મરણ થાય એમ જ કરેલું છે. વ્રજજનોથી લઈને દ્વારકાસ્થ અને ઇતર પણ નિજજનોને પ્રપંચ ભૂલાવી દીધું છે અને તેમનું પોતાનામાં સ્થાપન કર્યું છે. એમ ઉપસંહાર કરતાં તેવું સૂચન કરતું નામ કહે છે :

નિખિલ-નિજજન-પ્રપંચ-વિસ્મારકાય નમઃ।।૧૧૯।।

નિજજનોના પ્રપંચને ભૂલાવી દેનાર ભગવાનને નમસ્કાર.

ગ્રન્થની સમાપ્તિમાં ઉપસંહાર કરે છે :

ઇત્યેવં રાજલીલાયાં નામ્નામ્ અષ્ટાદશં શતમ્ ।।
નિરોધલીલામ્ આશ્રિત્ય ભક્ત્યૈ ભક્તે નિરૂપિતમ્ ।।૧।।

અર્થ : આ પ્રમાણે રાજલીલામાં એકસોને અઢાર નામો નિરોધ લીલાનો આશ્રય કરીને ભગવદીય જનમાં ભક્તિનું સ્થાપન કરવા-ભક્તિ પ્રાપ્ત થવા માટે નિરૂપણ કરવામાં આવ્યાં.

પાઠ કરવાનું ફળ થાય તે દર્શાવે છે :

બાલલીલાનામપાઠાત્ શ્રીકૃષ્ણે પ્રેમ જાયતે ।।
આસક્તિઃ પ્રૌઢલીલાયા નામપાઠાદ્ ભવિષ્યતિ ।।૨।।
વ્યસનં કૃષ્ણચરણે રાજલીલાભિધાનતઃ ।।
તસ્માન્ નામત્રયં જાપ્યં ભક્તિપ્રાપ્તીચ્છુભિઃ સદા ।।૩।।

અર્થ : બાલલીલાના નામોનો પાઠ કરવાથી શ્રીકૃષ્ણમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રૌઢલીલાનો પાઠ કરવાથી શ્રીકૃષ્ણમાં આસક્તિ થશે. અને રાજલીલાનાં નામોનો પાઠ કરવાથી શ્રીકૃષ્ણચન્દ્રના ચરણારવિન્દમાં વ્યસન સિદ્ધ થશે. તેથી ત્રણે પ્રકારના નામોનો જપ ભક્તિ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા રાખનારે અવશ્ય નિરન્તર કરવો જોઈએ ।।૨-૩।।

।। ત્રિવિધલીલાનામાવલી સમ્પૂર્ણ ।।